**આવો, ઈસુને મળો - ૪**

૪

# ઈસુ આપણું જીવન

**લેખક**

**ખ્રિસ્તાનંદ**

કેથલિક ઈન્ફરમેશન સર્વિસ સોસાયટી
અમિબેલા બિલ્ડીંગ, સન્માન હોટલની બાજુમાં,
ઈન્કમટેક્ષ અન્ડરબ્રિજ ઉપર, અમદાવાદ ૩૮૦ ૦૧૪

**ધર્માધ્યક્ષની મંજૂરી**
ડૉ. ચાર્લ્સ ગોમ્સ, એસ. જે.
અમદાવાદના ધર્માધ્યક્ષ
૦૧–૦૧–૧૯૮૭
**ધર્માધિકારીની મંજૂરી**
અંતોની શંકુરિકલ, એસ . જે.
ઉપરી, ઈસુસંઘ, ગુજરાત પ્રાંત
૧૫–૦૧–૧૯૮૭
© સી. આઈ. એસ. એસ.
પ્રથમ આવૃત્તિ : ૧૯૮૭ – નકલ : ૨૦૦૦
પુનર્મુદ્રણ : ૧૯૯૧ – નકલ : ૩૦૦૦
પુનર્મુદ્રણ : ૧૯૯૩ – નકલ : ૫૦૦૦
પુનર્મુદ્રણ : ૧૯૯૫ – નકલ : ૧૦,૦૦૦
પાંચમી આવૃત્તિ : ૧૯૯૯ – નકલ : ૧૨,૦૦૦
છઠ્ઠી આવૃત્તિ : ૨૦૧૩ - નકલ : ૧૦૦૦
સાતમી (સુધારેલી) આવૃત્તિ : ૨૦૧૪ - નકલ : ૨૦૦૦

**પ્રકાશક : વર્ગીસ પૉલ, એસ. જે.**
કૅથલિક ઈન્ફરમેશન સર્વિસ સોસાયટી
અમિબેલા બિલ્ડીંગ, સન્માન હોટલની બાજુમાં,
ઈન્કમટેક્ષ અન્ડરબ્રિજ ઉપર, અમદાવાદ ૩૮૦ ૦૧૪

**મુદ્રક :** આણંદ પ્રેસ, ગામડી – આણંદ ૩૮૮ ૦૦૧
ફોન : ૦૨૬૯૨-૨૫૩૯૩૩, ૨૫૬૬૫૦

# પ્રકરણ - ૭
# પ્રેમાવતાર ઈસુ

## મૃત્યુમાંથી અમૃત સમીપે

જૂના ઈતિહાસમાંથી કે આજકાલના બનાવોમાંથી માણસે માણસ સામે ક્રૂરતા આચર્યાના કંપારી વછૂટે એવા સંખ્યાબંધ દાખલા આપણને મળી આવે છે. અરે, આવા બનાવો માટે આપણને ઝાઝા દૂર જવાની જરૂર નથી. આપણી આજુબાજુના વિસ્તારોમાં કે ખુદ આપણા પોતાના પરિવારમાં લોભ, ધિક્કાર કે ઈર્ષાના ભોગ બન્યાના દાખલા મળી આવશે. કદાચ ખુદ આપણને પોતાને સહન કરવું પડ્યું હોય એવું પણ બને.

કોમ કોમ વચ્ચે વૈમનસ્ય ને ધિક્કાર, ભ્રષ્ટાચાર, શોષણ, યુદ્ધ, ગરીબો સાથે અન્યાય ને છેતરપિંડી, આવાં આવાં સઘળાં અનિષ્ટોનાં મૂળ માણસની સ્વાર્થવૃત્તિમાં પડેલાં છે. માણસ ઈશ્વરની પૂજા કરવાને બદલે 'સ્વાર્થનો કે અહ્‌મનો પૂજારી બને છે. ઈશ્વરની આણ સ્વીકારવાને બદલે પોતાની હકૂમત બીજાઓ પર જમાવવાનો પ્રયાસ કરે છે. એમાંથી જ આ તમામ અનિષ્ટો પેદા થાય છે.

જાતનું જોર કેટલું છે એ આપણે સૌ જાણીએ છીએ. આપણી જાત એક એવા ભોરિંગ સમી છે કે જો કોઈ એને છંછેડે કે એનું ધાર્યું કરવા ના દે તો એ ઉલ્કાપાત સર્જાવીને જ જંપે.

આવું બધું વિચારીએ છીએ ત્યારે ઈસુને કેવાં કારમાં દુઃખો વેઠવાં પડ્યાં ને કેવા કરપીણ મોતે મરવું પડ્યું એનું આપણને ઝાઝું આશ્ચર્ય થતું નથી. ઈસુ તો સર્વ દેશકાળના લોકોને પાપ, અનિષ્ટ, મૃત્યુ અને પોતાની જાત પર જીત અપાવવા સારુ પોતાના પિતા પાસેથી આ જગતમાં આવ્યા હતા. અધર્મનાં પરિબળોએ ઈસુને જોયા ને તરત જ પોતાની સામે ખડો થયેલો ખતરો પિછાણી લીધો. અમુક આગેવાનોના દિલમાં ઈસુ પ્રત્યે નફરતની આગ સળગી ઊઠી, ને તેઓ ઈસુનું કાસળ કાઢવા પ્રવૃત્ત થયા.

આપણે શરૂઆતમાં વંઠેલા દીકરાની કથા જોઈ, એને પાપનો કડવો અનુભવ થયો હતો. ઘણાં વિચારશીલ માણસોને પણ પાપનો આવો જ અનુભવ થાય છે. મારી જાતમાં જ મૂળભૂત રીતે કાંઈક ખરાબ છે, તે હું જાણું છું. આ ખરાબીનો પણ એક ઉકેલ છે તે હું જાણું છું? મારી આ ખરાબી વચ્ચે પણ આશા રાખવાનું મારે માટે કારણ છે તેની મને ખબર છે ખરી? એક મિત્રે પોતાના પત્રમાં આ વિશે કેવી વાત લખી છે તે જુઓઃ

"હું પાપી છું, એનો સ્વીકાર ઈશ્વર તથા મારી પોતાની જાત આગળ કરવો એ મારે માટે જરૂરી હતું. મને એવી લાગણી તો હતી જ કે હજી પણ ઈશ્વર મને અને જગતને ચાહે છે. તેથી હું અધમોધમ પાપી હોવા છતાં ઈશ્વરે મારી મુક્તિ કાજે અવશ્ય કાંઈ જોગવાઈ કરી હશે. પછી મારું ધ્યાન શુભસંદેશકાર યોહાનના આ શબ્દો પર ગયું : 'ઈશ્વરને જગત પર એટલો તો પ્રેમ કર્યો હતો કે તેણે પોતાનો એકનો એક પુત્ર આપી દીધો, જેથી જે કોઈ એનામાં શ્રદ્ધા રાખે તે નાશ ન પામે, પણ શાશ્વત જીવન પ્રાપ્ત કરે.'" (યોહાન ૩, ૧૬)

આપણા પ્રત્યે ઈસુનો પ્રેમ ઈસુને ક્યાં સુધી લઈ ગયો તેની હવે આપણને બરાબર ખબર પડે છે.

## બીજો આદમ

યશાયા નામના પયગંબરે બાઈબલમાંના પોતાના ગ્રંથમાં એક આગાહી કરેલી છે. એણે એવી આગાહી કરેલી છે કે આ જગતમાં એક એવો પુરુષ પેદા થશે જે બીજાનાં પાપનો બોજ પોતાના ખભે લઈ લેશે.

"તેણે આપણાં વીતકો પોતા ઉપર લીધાં, આપણાં દુઃખો પોતે વહોરી લીધાં. આપણે તો એમ માન્યું કે તેને સજા થઈ છે, ઈશ્વરે તેને આઘાત કરીને દુઃખમાં નાખ્યો છે; પણ તે તો આપણે કરેલા અપરાધો માટે વીંધાયો હતો અને આપણા દોષો માટે રિબાયો હતો. એણે ભોગવેલી સજાને કારણે આપણે સુખશાંતિ ભોગવીએ છીએ અને તેને પડેલા ચાબખાથી આપણે સાજાસમા છીએ. આપણે બધા ઘેટાંની પેઠે રસ્તો ભૂલીને જેને જેમ ફાવ્યું તેમ જતાં હતાં, પણ પ્રભુએ આપણા બધાનો દોષ તેને માથે નાખ્યો" (યશાયા ૫૩ : ૪-૬).

આપણે આગળ જોયું તેમ માનવજાત માટે ઈશ્વરે કરેલી અદ્‌ભુત યોજનામાં પાપને કશો લાગભાગ જ નહોતો. પણ આપણાં આદિ માતાપિતા અભિમાનમાં આવીને પોતાની જાતને જ ઈશ્વર સમજતાં થયાં ને ઈશ્વરને પોતાનો પ્રાણ ને માલિક માનીને એની પૂજા કરવાને બદલે પોતાની જાતની જ પૂજા કરતાં થયાં. એમણે ઈશ્વરની ઈચ્છાથી વિરુદ્ધ વર્તીને ઈશ્વરની યોજના ઊંધી વાળી ને તેમના આજ્ઞાભંગને પગલે પાપે જગતમાં પ્રવેશ કર્યો. એમણે પોતાની ઓલાદ માનવજાતને ઈશ્વરની આજ્ઞા ઉથાપવાનો વારસો આપ્યો ને પ્રત્યેક માણસમાં પાપવૃત્તિએ ઘર ઘાલ્યું.

ઈશ્વરનો આ અનાદર માણસ માટે પ્રાણઘાતક બન્યો. માણસજાત પર એણે આફતોના ને મોતના ઓળા ઉતાર્યા. માનવજાત પરનો આ અભિશાપ ઈસુએ દૂર કર્યો. ઈસુ બીજા આદમ બન્યા. પહેલા આદમે ઈશ્વરની આજ્ઞા ઉથાપી હતી, બીજા આદમ ઈસુ ઈશ્વરની

આજ્ઞાને પૂરેપૂરા વશ થયા ને ઈસુના આ અસાધારણ આજ્ઞાપાલનને માનવજાતને લલાટે લખાયેલા પાપ ને મોતના લેખ ભૂંસી નાખ્યા. સંત પાઉલ ખૂબ સચોટ રીતે ઈસુ ને આદમ વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરે છે, અને આદમે માનવજાતના કરેલા અહિતને ઈસુએ કેવી રીતે દૂર કર્યું તે બતાવે છે :

"આપણે હજી લાચાર હતા ત્યારે, ઈશ્વરે નિર્ધારિલ વખતે, ખ્રિસ્ત અધર્મીઓને માટે મરણને ભેટ્યા. પુણ્યશાળી માણસ માટે પણ ભાગ્યે જ કોઈ મરવા તૈયાર થાય, જોકે સારા માણસ માટે તો કદાચ કોઈ મૃત્યુને ભેટવાની હિંમત પણ કરે. પરંતુ ઈશ્વરના આપણા પ્રત્યેના પ્રેમનો પુરાવો એ છે કે, આપણે હજી પાપીઓ હતા ત્યારે જ ખ્રિસ્ત આપણા માટે મૃત્યુને વર્યા. આમ તેમણે પોતાના બલિદાનથી આપણને પુણ્યશાળી ઠરાવ્યા જ છે એટલે તે આપણને ઈશ્વરના કોપમાંથી બચાવી લેશે એમાં શંકા જ શી? આપણે ઈશ્વરના શત્રુ હતા ત્યારે જો તેના પુત્રના મૃત્યુ દ્વારા આપણું ઈશ્વર સાથે સમાધાન સધાયું, તો હવે આપણું સમાધાન સધાયેલું હોઈ તેના જીવન દ્વારા આપણો ઉદ્ધાર થશે એમાં પૂછવાપણું હોય જ નહિ. એટલું જ નહિ. જેમની મારફતે આપણું સમાધાન સધાઈ ચૂક્યું છે, તે આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્ત દ્વારા આપણે ઈશ્વરને કારણે ગૌરવ પણ અનુભવીએ છીએ."

"તો એ સ્પષ્ટ છે કે જેમ એક માણસના અપરાધથી બધા માણસોને દોષિત ઠરાવવામાં આવ્યા, તેમ એક માણસના પુણ્યકાર્યથી બધા માણસોને જીવનદાયી દોષમુક્તિ પ્રાપ્ત થાય છે. જેમ એક માણસના આજ્ઞાભંગથી બધા પાપી ઠર્યા હતા, તે જ રીતે એક માણસના આજ્ઞાપાલનથી બધા પુણ્યશાળી ઠરશે. ધર્મશાસ્ત્ર તો અપરાધમાં અનેકગણો વધારો કરવા વચ્ચે આવ્યું હતું; પણ જ્યાં પાપ વધ્યું ત્યાં ઈશ્વરની કૃપા તેથી પણ અનેક ગણી વધી. આમ, પાપે જેમ મૃત્યુની આણ વર્તાવી તેમ કૃપા પુણ્યની આણ વર્તાવે છે અને પરિણામે આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તના સાંનિધ્યમાં સૌને શાશ્વત જીવન પ્રાપ્ત થાય છે" (રોમ ૫ : ૬-૧૧ અને ૧૮-૨૧).

## અનિષ્ટનો વિજય

હવે એક કરુણ કથા કહેવાનો સમય થઈ ચૂક્યો છે. જગતની આ સૌથી કરુણ કહાણી છે. એને કહાણી શા માટે કહેવી? હકીકતમાં એ આપણી મધ્યે બની ચૂકેલી એક ઘટના છે. એ ઈસુના બલિદાનની અને મૃત્યુની વસમી કહાણી છે.

આ આખી કહાણી જેમને વાંચવી હોય તેઓ ઈસુના બલિદાન અને મૃત્યુના ચાર શુભસંદેશકારોએ આલેખેલાં વૃત્તાંતો આખેઆખાં વાંચી જાય. (આ વૃત્તાંતો માથ્થીના શુભસંદેશના ૨૬મા અને ૨૭મા અધ્યાયમાં, માર્કમાં ૧૪મા અને ૧૫મા અધ્યાયમાં, લૂકના ૨૨મા અને ૨૩મા અધ્યાયમાં તથા યોહાનના ૧૭, ૧૮ તેમજ ૧૯મા અધ્યાયમાં આવે છે).

જે કોઈ આમાંનો કોઈ પણ વૃત્તાંત શાંતિથી અને ભક્તિભાવથી વાંચશે એને પાપ કેટલું અધમ અને ભયાનક છે તેનું ભાન થશે. જે માણસને ઈશ્વરે પેદા કર્યો, જે માણસ પર ઈશ્વરે આટઆટલો પ્રેમ કર્યો તે જ માણસે પહેલાં ઈશ્વર પર પાપનો એંઠવાડ ફેંક્યો ને એ જ પાપને વશ વર્તીને એણે ઈસુને કારમા મોતે માર્યા. આ વૃત્તાંતો વાંચનારને ખબર પડશે કે ઈસુનું મોત માણસના પાપનું સીધું પરિણામ છે. સાથોસાથ આ વૃત્તાંતો વાંચતાં એને ઈશ્વરે મનુષ્યજાતિને પોતાની સંતતિ ગણી છે ને મારા, તમારા, આપણા દરેક જણ પર અસીમ પ્રેમ વરસાવ્યો છે. "ઈશ્વરને જગત ઉપર એટલો તો પ્રેમ હતો કે તેણે પોતાનો એકનો એક પુત્ર આપી દીધો, જેથી જે કોઈ એનામાં શ્રદ્ધા રાખે તે નાશ ન પામે, જીવન પ્રાપ્ત કરે" (યોહાન ૩ : ૧૬).

પણ "તે જગતમાં હતો ને જગત તેના દ્વારા અસ્તિત્વમાં આવ્યું હતું, છતાં જગતે તેને પિછાન્યો નહિ. તે પોતાને ત્યાં જ આવ્યો, પણ તેના પોતાના માણસોએ તેને સ્વીકાર્યો નહિ" (યોહાન ૧ : ૧૦-૧૧). ઊલટું એમણે એને એક ગુનેગાર ગણ્યો ને એની સાથે અમાનુષી વર્તાવ કર્યો.

તો આ છે એક કરુણ કથા. પણ આ દારુણ કથા મારી આગળ એક પરમ સત્ય પણ ખુલ્લું કરી જાય છે. ઈશ્વર મારા પર પ્રેમ રાખે છે ને મને પોતાનો કરી રાખવા ઝંખે છે. એ છે ઈસુના બલિદાન અને મૃત્યુમાં પ્રગટેલું પરમ સત્ય. આ જ સત્ય છે મારા જીવનનું સારસર્વસ્વ.

## આછી રૂપરેખા

ઈસુના જીવનના આ છેલ્લા કારમા દહાડાઓની અહીં તો કેવળ આછી રૂપરેખા આપી શકાય તેમ છે.

ઈસુ સાથે ધાર્મિક આગેવાનો કેવા ખુન્નસે ભરાયા હતા તે આપણે અગાઉ જોયું છે. ઈસુએ તેમના લોભને અને દંભને ઉઘાડા પાડ્યા હતા. તેથી આ ઝનૂની આગેવાનોએ આમલોકો પર પોતાનો દોર ચલાવવામાં પોતાની આડે આવનાર ઈસુનું કાસળ કાઢી નાખવાનો ફેંસલો કર્યો.

આ આગેવાનો ઈસુના યહૂદા નામના એક અંતેવાસી શિષ્યને ઓળખતા હતા. યહૂદા પૈસાનો ભૂખ્યો છે એની તેમને ખબર હતી. તેથી યહૂદા જો એના ગુરુને પકડાવી આપે તો પોતે એને ચાંદીની ત્રીસ લગડીઓ આપશે એવો એમણે યહૂદા સાથે સોદો કર્યો. યહૂદા

એમના હાથનું પ્યાદું બની બેઠો ને એક રાતે એક વાડીમાં તેણે પોતાના ગુરુને પકડાવી દીધા. તે વેળાએ ઈસુની સાથે જેમણે એક થાળીમાં ખાધું હતું તે ચેલાઓ જીવ બચાવવા ઈસુને છોડીને ભાગી ગયા. ઈસુને જ્યારે એમની હૂંફની ખરેખરી જરૂર હતી તે જ વેળાએ એમણે ઈસુને પડતા મૂક્યા.

ઈસુને ધર્મગુરુઓ સામે ખડા કરવામાં આવ્યા. ને એમને ગુનેગાર ઠેરવવા ખોટા સાક્ષીઓ ઊભા કરવામાં આવ્યા. તેઓ બધા ઈસુ પર થૂંક્યા અને એમની ભરપેટ હાંસી ને બદનામી કરી.

બીજે દહાડે સવારે તેઓ ઈસુને પિલાત નામના રોમન સૂબા આગળ ઘસડી ગયા. સૂબાએ જોયું કે ઈસુ ખરેખર નિર્દોષ છે છતાં આ ઝનૂની ટોળાથી એ ખુદ ડરી ગયો. એને ધાક પેઠી કે જો આ લોકો વીફરી બેસશે તો પોતાનું પદ જોખમમાં આવી પડશે.

તેથી પિલાતે આ લોકોને રાજી કરવા સારુ ઈસુને ચામડી ચિરાઈ જાય ને માંસના લોચા બહાર નીકળી આવે એટલી હદે ચાબખા મરાવ્યા. પિલાતે જોયું કે ખુન્નસે ચડેલું ટોળું હજીય ટાઢું પડ્યું નથી ત્યારે તેણે તે લોક પસંદ કરે એવા એક કેદીને છોડી મૂકવાનો પ્રસ્તાવ મૂક્યો. કારાવાસમાં બારાબાસ નામે એક ભંયકર ને નામચીન ખૂની હતો. પિલાતે કહ્યું કે બારાબાસ ને ઈસુ બેમાંથી એકને પસંદ કરો. તે લોકોએ બૂમો પાડી પાડીને કહ્યું કે ઈસુને નહિ, બારાબાસને છોડી મૂકો. જે ઈસુએ આ લોકોનું આટઆટલું ભલું કર્યું હતું, જેમણે એમના પર આટઆટલો પ્રેમ વરસાવ્યો હતો તેના જ તેઓ લોહીતરસ્યા થઈ ગયા.

પિલાતે જોયું કે કંઈ વળે તેમ નથી તેથી તેણે આખરે ઈસુને ક્રૂસે ચડાવવાનો હુકમ કર્યો, એ રોમનોની ભયંકર ગુનેગારોને દેહાંતદંડ આપવાની એક રીત હતી. એક આડા ને ઊભા લાકડાને તેઓ જમીનમાં ખોડી દેતા ને એની પર ગુનેગારના હાથપગમાં ખીલા ઠોકી એને લટકાવી દેતા.

પરદુઃખભંજન ભગવાન ઈસુ લોહીલુહાણ ને કમજોર બની ગયા હતા. છતાં ખભે ક્રૂસ ઊંચકીને એમને યરુશાલેમ શહેરની બહાર કાલવારી નામની ટેકરીએ જવું પડ્યું. વાટે એમણે પોતાની વહાલસોઈ માવડીને જોઈ. તમે મા-દીકરાની નજરો મળી એની કલ્પના કરી શકો છો? જનેતાની આંખમાંથી વહી રહેલી વેદનાને પારખી શકો છો?

આપણે ઈસુની અંતિમ ઘડીઓનું વર્ણન શુભસંદેશકાર લૂકના મોઢે સાંભળીએ :

"ઈસુની સાથે બીજા બે ગુનેગારોને પણ દેહાંતદંડ માટે તેઓ લઈ જતા હતા. જ્યારે તેઓ 'ખોપરી' નામની જગ્યાએ પહોંચ્યા, ત્યારે ત્યાં આગળ તેઓએ ઈસુને અને સાથે સાથે પેલા ગુનેગારોને પણ ક્રૂસે જડી દીધા, એકને તેમની જમણી બાજુએ અને એકને ડાબી બાજુએ. ઈસુ બોલ્યા, 'હે પિતા, આ લોકોને માફ કર; પોતે શું કરે છે એનું એમને ભાન નથી.' પછી તેમણે ચિઠ્ઠી નાખીને તેમનાં કપડાં વહેંચી લીધાં.

"લોકો ઊભા ઊભા જોઈ રહ્યા અને આગેવાનો હાંસી ઉડાવવા લાગ્યા; તેઓ કહેતા હતા, 'બીજાને તો એણે બચાવ્યા, હવે એ જો ઈશ્વરનો અભિષિક્ત હોય, તેનો વરેલો હોય, તો પોતાની જાતને બચાવે!' સિપાઈઓ પણ મશ્કરી કરતા હતા; તેમણે પાસે આવી સરકો આપતાં કહ્યું, 'તું જો યહૂદીઓનો રાજા હોય, તો તારી જાતને બચાવ ને!' કારણ, ઈસુના માથા પાસે એક લેખ ચોડેલો હતો : 'આ યહૂદીઓનો રાજા છે.'

"ક્રૂસે લટકાવવામાં આવેલા ગુનેગારોમાંના એકે તેમને ટાણો માર્યો. 'તું મુક્તિદાતા નથી? તો તારી જાતને અને અમને બચાવ.' પણ બીજાએ તેને ઠપકો આપીને કહ્યું, 'તને ઈશ્વરનોય ડર નથી? તને પણ એ જ સજા થયેલી છે. આપણી સજામાં પૂરો ન્યાય છે, કારણ, આપણે આપણાં કર્મનાં ફળ ભોગવીએ છીએ. પણ એ માણસે તો કશું ખોટું કર્યું નથી'. પછી તેણે કહ્યું, 'ઈસુ, આપ જ્યારે આપના રાજ્યાસન ઉપર આવો, ત્યારે મને સંભારજો'.

"ઈસુએ તેને કહ્યું, 'હું તને ખાતરીથી કહું છું કે, આજે તું મારી સાથે પુણ્યલોકમાં હશે'.

"હવે લગભગ મધ્યાહ્‌ન થવા આવ્યો હતો. સૂર્ય ઢંકાઈ ગયો અને આખા પ્રદેશ પર ત્રણ વાગ્યા સુધી અંધકાર છવાઈ ગયો. મંદિરનો પડદો વચ્ચેથી ચિરાઈ ગયો અને ઈસુ મોટેથી બૂમ પાડી ઊઠ્યા, 'હે પિતા, મારા પ્રાણ હું તારા હાથમાં સોંપું છું! એટલું બોલીને તેમણે પ્રાણ છોડ્યા.

"આ બધું જોઈને સૂબેદાર ઈશ્વરની સ્તુતિ કરતાં બોલ્યો, 'સાચે જ એ માણસ ધર્માત્મા હતો.' આ દૃશ્ય જોવાને ભેગા મળેલા બધા લોકો આ ઘટનાઓ જોઈને છાતી કૂટતા કૂટતા પાછા ગયા" (લૂક ૨૩ : ૩૨-૪૮).

### ઈસુએ શા માટે દુઃખો વેઠ્યાં?

ઈસુના બલિદાન ને મૃત્યુનો આ વૃત્તાંત તદ્દન સરળ, સીધો ને સ્પષ્ટ છે. છતાં એમાં રહેલું રહસ્ય આપણે સ્પષ્ટ રીતે ના જોઈએ તો એનું ખરું હાર્દ ને સાચું પુણ્ય આપણે પામી શકીશું નહિ. ઈસુનું મૃત્યુ કેવળ એક શહાદત નહોતું. ઈસુનું મૃત્યુ કેવળ ઈસુના વેરીઓના

હડહડતા  ધિક્કારનો ને એમણે રચેલા ષડયંત્રનો અંજામ નહોતો. માણસની દુષ્ટતાનો ઈસુ ભોગ બની ગયા એ ખરું પણ ઈસુના મૃત્યુનું આપણે આટલું જ મૂલ્યાંકન કરીએ એ બરાબર નથી.

ઈસુ સ્વેચ્છાથી મૃત્યુને ભેટવા ચાલી નીકળ્યા હતા. તમારી અને મારી મુક્તિ કાજે એમના પિતાએ જે જે દિવ્ય યોજનાનું નિર્માણ કર્યું હતું તે યોજનાના એક ભાગરૂપે ઈસુએ મૃત્યુ વહોર્યું હતું. ઈસુ એક આજ્ઞાધીન પુત્રની પેઠે રોજ રોજ પોતાના પિતાની યોજનાને પાર પાડતા રહ્યા ને ક્રૂસ પર 'બધું પૂરું થયું!' એવા ઉદ્‌ગાર સાથે એ યોજનાને અક્ષરશઃ પાર પાડીને તેમણે પોતાના પ્રાણ છોડ્યા.

આમ છે તેથી ચારેય શુભસંદેશકારોએ ઈસુ પોતાના મૃત્યુ ભણી મક્કમ પગલે આગળ ધપી રહ્યા હતા એવું આલેખન કર્યું છે. શુભસંદેશકાર લૂક કહે છે : ''ઈસુના ઊર્ધ્વારોહણનો દિવસ નજીક આવતો હતો એટલે તેમણે જ યરુશાલેમ જવાનો મક્કમ નિર્ધાર કર્યો'' (લૂક ૯ : ૫૧).

ઈસુ યરુશાલેમ ભણી સહેતુક જઈ રહ્યા હતા. એમ કરવામાંથી એમને કોઈ ચલાવી શકે તેમ નહોતું. પોતાના ભીરુ ચેલાઓની ચેતવણી ઈસુએ ગણકારી નહિ. યરુશાલેમમાં પોતા પર શું શું વીતવાનું છે ને પોતાને કેવા કારમા મોતે મરવાનું છે એ ઈસુ બરાબર જાણતા હતા. ''જુઓ આપણે યરુશાલેમ જઈએ છીએ; ત્યાં માનવપુત્રને મુખ્ય પુરોહિતો અને શાસ્ત્રીઓને હવાલે કરવામાં આવશે. તેઓ એને મૃત્યુદંડ ફરમાવી પરદેશીઓની હવાલે કરશે. તેઓ એની મશ્કરી કરશે, એને ફટકા મારશે અને ક્રૂસે ચડાવશે, પણ ત્રીજે દિવસે એ ફરી સજીવન થશે'' (માથ્થી ૨૦ : ૧૮-૧૯). શુભસંદેશકાર લૂક અને માર્ક પણ થોડા શાબ્દિક ફેરફારો સાથે આમ જ લખે છે (લૂક ૧૮, ૩૧; માર્ક ૧૦, ૩૨).

ઈસુનું મૃત્યુ સાર્થક નીવડવાનું હતું. એમના મૃત્યુથી ઘણાને જીવન મળવાનું હતું. ઘઉંના દાણાની પેઠે ઈસુને જમીનમાં ધરબાઈ જવાનું હતું, જેથી મુક્તિનો મબલક પાક પાકે, વધસ્તંભ પર ચડીને ઈસુએ બધાં માણસોને પોતા ભણી ખેંચી લીધાંઃ ''મને ધરતી પરથી ઊંચે ચડાવવામાં આવશે. ત્યારે હું સઘળાં માણસોને મારી પાસે ખેંચી લઈશ'' (યોહાન ૧૨ઃ૩૨).

ઈસુના બલિદાન અને મૃત્યુનો જ્યારે જ્યારે આપણે વિચાર કરીએ છીએ ત્યારે ત્યારે ઈસુએ સઘળાં માણસોની મુક્તિ કાજે પિતા પરમેશ્વરની યોજના અનુસાર મૃત્યુ વહોર્યું હતું તે હકીકત આપણે હંમેશાં મનમાં રાખવી રહી. શુભસંદેશકાર યોહાન લખે છે, ''ઈસુ આ દુનિયામાં જે એમના પોતાના હતા તેમના ઉપર સદા પ્રેમ રાખતા આવ્યા હતા. પણ આ દુનિયા છોડીને પિતા પાસે જવાનો પોતાનો સમય આવી પહોંચ્યો છે એવું જાણતા હોઈને તેમણે એ પ્રેમને પરાકાષ્ઠાએ પહોંચાડ્યો.'' ઈસુએ એ પ્રેમને કેવો પરાકાષ્ઠાએ પહોંચાડ્યો તે આપણે હમણાં જ વાંચેલી ઈસુના બલિદાન ને મૃત્યુની કથામાં સુપેરે જોઈ શકીએ છીએ.

હવે આપણે અહીં જરા થોભીએ ને સંત પાઉલે ઉચ્ચારેલાં આ વચનો પર થોડું મનન કરીએ :

''ખ્રિસ્ત પોતે નિષ્પાપ હતા, તેમ છતાં આપણી ખાતર ઈશ્વરે તેમને પાપરૂપ બનાવ્યા, જેથી તેમની ખાતર આપણે ઈશ્વરની પવિત્રતા પામી શકીએ'' (૨ કરિંથ ૫ : - ૨૧).

''આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તની ઉદારતા તમે જાણો છો. તેઓ પોતે ધનવાન હોવા છતાં તમારે ખાતર તેમણે ગરીબી સ્વીકારી, જેથી તેમની ગરીબીથી તમે ધનવાન થાઓ'' (૨ કરિંથ ૮ : ૯).

''આ જાણ્યા પછી આપણે શું કરીશું? જો ઈશ્વર આપણા પક્ષમાં છે, તો આપણી વિરુદ્ધ કોણ હોઈ શકે? તેણે પોતાના એકના એક પુત્રને સુધ્ધાં સાચવી રાખ્યો નહીં, પણ આપણા સૌની ખાતર સમર્પી દીધો, તો તેની સાથે જ તે આપણને સર્વસ્વનું દાન નહિ કરે? ઈશ્વરે જો નિર્દોષ ઠરાવ્યા છે તો પછી સજા કોણ કરશે? ઈસુ ખ્રિસ્ત મૃત્યુને વર્યા હતા એટલું જ નહિ પાછા સજીવન થયા હતા અને ઈશ્વરને જમણે હાથે બિરાજી આપણા વતી વિનવણી પણ કરે છે તો પછી ખ્રિસ્તના પ્રેમથી આપણને કોણ વિખૂટા પાડી શકે એમ છે? દુઃખો કે કષ્ટો, અત્યાચાર કે ભૂખમરો, કે દારિદ્રય કે જોખમ કે તલવાર?... પણ આપણા ઉપર પ્રેમ રાખનારને કારણે આ બધી બાબતોમાં આપણો વિજય થાય છે - બલ્કે વિજયથીય વધારે'' (રોમ ૮ : ૩૧-૩૫-૩૭).

## મારાં દુઃખો ને મારું મૃત્યુ

**'આવો, ઈસુને મળો.'** અસહ્ય પીડા વેઠનારા ઈસુને મળો. ઈસુ સાથેનો મેળાપ કોઈ પણ માણસના હૃદયને હચમચાવી નાખે એવો છે, કોઈ પણ માણસના જીવનમાં ધરમૂળથી પરિવર્તન લાવી દે તેવો છે.

સાચી વાત તો એ છે કે દરેક જણના જીવનમાં પોતપોતાનાં દુઃખો છે, દરેક જણને પોતાનો ક્રૂસ ઊંચકવાનો છે. એક દિવસ દરેક જણને મૃત્યુ પામવાનું છે. દુઃખ અને મૃત્યુ એ દરેકે દરેક માણસના જીવનની હકીકત છે. એમાંથી કોઈ બચી શકે એમ નથી. પણ હું મારાં દુઃખો ને મારા મૃત્યુને એક પ્રાર્થનારૂપે ને એક અંજલિરૂપે ફેરવી નાખી શકું તેમ છું. હું એમને પરમપિતાનાં ચરણકમળોમાં તેમના પુત્ર ઈસુ સાથે ને ઈસુ મારફતે અર્પણ કરી દઉં. એ મારા જીવનની ઈશ્વર પિતાના ચરણે ધરેલી અંજલિ બની જશે. હું મારું જીવન અને મારું મૃત્યુ

પિતાના ચરણે મારાં પાપોનાં બલિ તરીકે ધરી દઉં. જો હું સાચા દિલે અને સાચી ભક્તિથી આ અંજલિ ધરું તો પરમ કૃપાળુ પ્રભુ એ સ્વીકાર્યા વિના રહેશે નહિ.

જો તમે સાચી શ્રદ્ધાથી અને પૂરા વિશ્વાસથી તમારા પ્રત્યેના ઈશ્વરના અસીમ પ્રેમના બદલારૂપે આમ કરશો તો એ તમારા જીવનનો એક ધન્ય પ્રસંગ બની રહેશે. જો તમે સાચા દિલથી આમ કરી શકતા હો તો પછી શા માટે એવો પ્રયત્ન કરી જોતા નથી? એમાં તમને કોઈ નુકસાન તો નથી જ. તમે નીચેના જેવી પ્રાર્થના દ્વારા હૃદયપૂર્વક આ અંજલિ ઈશ્વર પિતાના ચરણે ધરી શકો છો.

**મારી અંજલિ**

હે વત્સલ પિતા, તમારા પુત્ર ઈસુએ પોતાનાં દુઃખો અને પોતાનું મૃત્યુ તમારા ચરણે ધરી દીધાં તેનું હું ભક્તિથી સ્મરણ કરું છું.

અને હવે હું મારાં દુઃખો, મારું જીવન તથા મારા મૃત્યુને તમારે શ્રીચરણે ધરું છું.

તમે મારા પિતા છો, હું તો એક પાપીજન છું.તમે જેમ તમારા પુત્રના જીવન અને મૃત્યુની અંજલિ સ્વીકારી હતી તેમ મારી આ અંજલિ પણ સ્વીકારવાની કૃપા કરો.

મને ફરીથી તમારું સંતાન બનાવી દો.

**નવું જીવન**

ઈસુને ક્રૂસ પર ખીલાથી જડી દીધા ને પતિત માનવજાતને પાવન કરવા એમનું લોહી વહી નીકળ્યું. પિતા પરમેશ્વરની માનવ જાત પર રહેમ યાચતું એનું છેલ્લું બુંદ ટપકી ગયું. અહીં લગીની કથા આપણે જોઈ. ઈસુએ ક્રૂસ પર પોતાના પિતાના ચરણે પોતાની પરમ પાવન નિસ્વાર્થ જાત સમેત સ્વાર્થથી ક્લુષિત મારી પોતાની જાતની આહુતિ ધરી દીધી.

તો શું ઈસુની કથા આ સાથે પૂરી થઈ ગઈ? જો ઈસુની કથા આટલેથી પૂરી થઈ ગઈ હોત તો હું ઈસુ માટે બે આંસુ સારું. એમના પ્રેમ ને એમની ઉદારતા બદલ વખાણનાં બે વેણ કાઢું. ને વાત પડતી મૂકું! બે મુફિલસ ગુનેગારો વચ્ચે ક્રૂસ પર લટકાવી દીધેલ માનવીને આથી ઝાઝી વિસાતમાં લેવાનું કોને મન થાય?

જો ક્રૂસ પર જ ઈસુનો અંત આવી ગયો હોત તો ઈસુનું જીવન વધુમાં વધુ શહાદતને નામે ચડેલું ઇતિહાસનું એક પાનું હોત. તેથી વધુ કશું જ નહિ.

આપણે આપણી મજલમાં અહીં જ, ઈસુના મેળાપના સૌથી અગત્યના તબક્કે પહોંચી ગયા છીએ. તમે ધર્મને ઇતિહાસ કે ભૂગોળના એક અભ્યાસ કરતાં વિશેષ ગણતા હો તો તમે અહીં થોડું થોભો ને સાચા દિલથી ભગવાનને પ્રાર્થના કરો કે તે તમને સત્ય જોવા માટે પોતાનો પ્રકાશ આપે.

હવે જે કાંઈ આવશે તે માનવું એટલું સહેલું નથી. પણ ઈસુને મળવા માટે આપણે આટલો રસ્તો કાપ્યો જ છે તો પછી પૂર્વગ્રહરહિત ખુલ્લું મન રાખીને કેમ આગળ ના વધવું? પ્રિય વાચક! તમને છેતરવાનો કે તમારા પર દબાણ લાવવાનો કોઈ કશો જ પ્રયત્ન નથી કરતું એ નક્કી માનજો. તમે કેવળ ખુલ્લું મન રાખો. એટલી જ અમારી પ્રાર્થના છે. પહેલાં પુરાવા ને નક્કર વિગતો જુઓ. ને પછી માનવું ન માનવું એ તમે નક્કી કરો. પણ આંખો બંધ કરી દઈ હાથમાંનો હીરો ફગાવી દેવો એને કોણ ડાહ્યા ને સમજુ માણસનું કામ ગણશે?

**ડરપોક ચેલાઓની વાત**

ઈસુએ થોડા જણને પોતાના અંતેવાસી ચેલાઓ બનાવ્યા હતા. પોતાના જાહેરજીવનનાં છેલ્લાં ત્રણ વર્ષો દરમિયાન ઈસુ સૌનું ભલું કરતા ને સૌને ઉપદેશ દેતા ફરતા રહ્યા ને પોતાના ચેલાઓને સાથે રાખીને કેળવતા રહ્યા. પોતે પિતા પરમેશ્વર પાસે પાછા જાય ત્યારે પોતાના આ ચેલાઓ પોતાનું કામ આગળ ધપાવે એવી ઈસુની યોજના હતી. પણ જેમને પોતે કંચન માન્યા હતા તે કથીર પુરવાર થયા. ઈસુના જીવનના છેલ્લા વસમા દહાડા વધુ વસમા બન્યા.

એકને બાદ કરતાં બાકીના તમામ કાયર નીકળ્યા. એકે ચાંદીની ત્રીસ લગડીઓના સાટામાં પોતાના ગુરુને વેરીઓને હવાલે કર્યા. પીતર નામના ચેલાએ પોતે ઈસુને દીઠેય ઓળખતો નથી એવું છડેચોક કહ્યું. ને બાકીના બધા ઈસુની ધરપકડ થયેલી દેખતાં જીવ બચાવવા ઊભી પૂંછડીએ નાઠા. પણ પાછળથી આ જ માટીપગા ચેલાઓ મર્દ પાક્યા. એવું કંઈક બન્યું જેણે એમને ધરમૂળથી બદલી નાખ્યા. ઈસુના મૃત્યુ પછી તેઓ બધા એક ઓરડીમાં પુરાઈને ફફડતા બેઠા હતા. ત્યારે એક અણધારી ને અજાયબ ઘટના બની. આ ઘટનાનું વર્ણન એમાંના જ એક ચેલા શુભસંદેશકાર યોહાન પાસેથી સાંભળો :

“તે જ દિવસે, અઠવાડિયાના પહેલા દિવસે સાંજે, શિષ્યો યહૂદીઓના ભયને કારણે બારણાં બંધ કરીને, ભેગા થયા હતા ત્યાં આવી ઈસુએ તેમની વચ્ચે ઊભા રહીને કહ્યું, ‘તમને શાંતિ હો!’ આટલું કહીને તેમણે પોતાના બંને હાથ અને પડખું બતાવ્યાં. પ્રભુને

જોઈને શિષ્યો હર્ષ પામ્યા. ઈસુએ તેમને ફરીથી કહ્યું, 'તમને શાંતિ હો! પિતાએ જેમ મને મોકલ્યો છે તેમ હું તમને મોકલું છું,' આટલું કહીને તેમણે ફૂંક મારીને કહ્યું, 'તમને પવિત્ર આત્માની પ્રાપ્તિ થાઓ. તમે જો કોઈનાં પાપ માફ કરશો તો તે માફ થશે; તમે જો કોઈનાં પાપ ઊભાં રાખશો તો તે ઊભાં રહેશે.'

"પણ બારમાંનો એક થોમા-અર્થાત જોડિયો-ઈસુ આવ્યા ત્યારે બીજા શિષ્યો સાથે નહોતો. બીજા શિષ્યોએ તેને કહ્યું, 'અમને પ્રભુનાં દર્શન થયાં છે.' પણ થોમાએ તેમને કહ્યું, 'જ્યાં સુધી હું તેમના ખીલાનાં ચિહ્નો ન જોઉં, અને ખીલાની જગ્યામાં આંગળી ન ઘાલું, તેમ જ તેમના પડખામાં હાથ ન ઘાલું, ત્યાં સુધી હું કદી માનું નહીં.'

"એક અઠવાડિયા બાદ શિષ્યો ફરી તે ઘરમાં ભેગા થયા હતા અને થોમા પણ તેમની સાથે હતો. બારણાં વાસેલાં હતાં, તેમ છતાં ઈસુએ આવીને તેમની વચ્ચે ઊભા રહીને કહ્યું, 'તમને શાંતિ હો!' પછી તેમણે થોમાને કહ્યું, 'તારી આંગળી અહીં લાવ, આ રહ્યા મારા હાથ; અને તારો હાથ આમ લાવ અને મારા પડખામાં ઘાલ. અશ્રદ્ધા ખંખેરી નાખ; શ્રદ્ધા રાખ.' થોમા બોલી ઊઠ્યો, 'ઓ મારા પ્રભુ અને મારા પરમેશ્વર!'

"ઈસુએ તેને કહ્યું, મને જોયો છે એટલે તને શ્રદ્ધા બેઠી છે. મને જોયા વગર પણ જેઓ શ્રદ્ધા રાખે છે તેઓ પરમ સુખી છે" (યોહાન ૨૦: ૧૯-૨૯).

બેશક ઈસુ પાછા જીવતા થયા ને પોતાના ચેલાઓને તેઓ સદેહે મળ્યા એ વાત સહેલાઈથી માની શકાય તેવી નથી. પણ પહેલાં તમે ઈસુનાં આવાં અન્ય દર્શનોનાં વૃત્તાંતો માથ્થી ૨૮, માર્ક ૧૬, લૂક ૨૪, યોહાન ૨૦ અને ૨૧ પ્રકરણો વાંચી જાઓ. ને એમાં વાંચ્યા પછી તમે પોતે જ નક્કી કરો કે તમને આ સત્ય ઘટના લાગે છે કે ગપગોળો? આ ઘટના પછી ઈસુના ચેલાઓમાં કેવું આમૂલક પરિવર્તન આવી ગયું તે હકીકત પણ ધ્યાનમાં લો. ક્યાં ડરના માર્યા ઓરડીમાં ભરાઈ બેઠેલા બીકણ આદમીઓ ને ક્યાં પ્રેષિતોનાં ચરિતોમાં જોવા મળે છે એ ઉઘાડી છાતીએ ને ઉન્નત મસ્તકે ઈસુના ઉપદેશની ઘોષણા કરતા નીડર સંદેશવાહકો? શું આ કાંઈ કપોળકલ્પિત હોઈ શકે?

જે રસ્તાઓ પર ઈસુની ધરપકડ કરવામાં આવી હતી, જે રસ્તાઓ ઉપર ઈસુને ઘસડી જઈ એમની કતલ કરી નાખવામાં આવી હતી તે જ રસ્તાઓ પર ઈસુના આ ચેલાઓ ઉપદેશ આપવા લાગ્યા. તેમની પણ ધરપકડ થઈ, તેમને પણ રાજકર્તાઓ આગળ ઘસડી જવામાં આવ્યા. તે રાજકર્તાઓએ તેમને એવી ધમકીઓ પણ આપી કે જો તેઓ ઉપદેશ આપવો બંધ નહિ કરે તો તેમને મોતને ઘાટ ઉતારી દેવામાં આવશે. આનો આ ચેલાઓએ સ્પષ્ટ ને સીધો જવાબ આપ્યો:

"અમે ઈશ્વરને બદલે તમારું કહ્યું કરીએ એ ઈશ્વરની નજરમાં યોગ્ય ગણાશે કે કેમ, તમે જ નક્કી કરો. અમે તો જે જે જાતે જોયું અને સાંભળ્યું છે તેને વિશે બોલ્યા વગર રહી જ શકીએ એમ નથી.' એ બનાવને લીધે બધા જ ઈશ્વરના ગુણગાન કરતા હતા, તેથી લોકોની બીકે તેમને સજા કરવાનો કોઈ માર્ગ ન સૂઝતાં, થોડી વધુ ધમકી આપીને તેઓએ તેમને છોડી મૂક્યા" (પ્રેષિતો ૪ : ૧૯-૨૧).

**પાયાનો પ્રશ્ન**

ઈસુના પુનરુત્થાનમાં પોતે શ્રદ્ધા રાખે છે કે નહિ એ કોઈ પણ માણસ માટે પાયાનો પ્રશ્ન છે. સંત પાઉલ આ વાત સૌને ભારપૂર્વક કહે છે:

"જો મરેલાં ફરી સજીવન ન થતાં હોય, તો ખ્રિસ્ત પણ ફરી સજીવન થયા નથી, અને જો ખ્રિસ્ત ફરી સજીવન ન થયા હોય તો અમારો ઉપદેશ વ્યર્થ છે. અને તમારી શ્રદ્ધાનો પણ કશો અર્થ નથી. વળી, તો તો, અમે ઈશ્વરના જૂઠા સાક્ષી ઠરીએ, કારણ, અમે એવી સાક્ષી પૂરી છે કે, ઈશ્વરે ખ્રિસ્તને ફરી સજીવન કર્યા હતા; પણ ખરેખર મરેલાંને જો ફરી સજીવન કરવામાં આવતાં ન હોય તો ઈશ્વરે ખ્રિસ્તને પણ સજીવન નથી કર્યા.

"જો મરેલાંને સજીવન કરવામાં આવતાં ન હોય તો ખ્રિસ્તને પણ સજીવન કરવામાં નથી આવ્યા. અને જો ખ્રિસ્તને ફરી સજીવન કરવામાં ન આવ્યા હોય તો તમારી શ્રદ્ધા પોકળ છે, તમે હજી તમારા પાપમાં જ છો, અને તો તો જેઓ ખ્રિસ્તને ચરણે મરણ પામ્યા છે તેઓનો સર્વનાશ થયો છે.

"આપણે ખ્રિસ્ત પર જ આશા રાખી છે તે ફક્ત આ જીવન પૂરતી હોય, તો તો આપણે સૌથી વધુ દયાપાત્ર માણસો છીએ.

"પણ સાચી વાત છે કે, ખ્રિસ્તને ફરી સજીવન કરવામાં આવ્યા છે - મૃત્યુમાં પોઢેલાંઓમાંથી પ્રગટેલા પ્રથમ ફળરૂપે; કારણ, જેમ માનવ દ્વારા મૃત્યુ આવ્યું હતું, તેમ મરેલાંનું પુનર્જીવન પણ માનવ દ્વારા જ આવ્યું છે; જેમ આદમ સાથેના સંબંધને કારણે સૌ મૃત્યુ પામે છે, તેમ ખ્રિસ્ત સાથેના સંબંધને કારણે સૌ પુનર્જીવન પામશે. પણ સૌ પોતપોતાના ક્રમ પ્રમાણે : પ્રથમ ફળરૂપ ખ્રિસ્ત, ત્યાર પછી તેમના આગમન વખતે ખ્રિસ્તજનો" (૧ કરિંથ ૧૫ : ૧૩-૨૩).

**નવા જીવનમાં સહભાગી**

ઈસુ પોતાના મૃત્યુના થોડા સમય અગાઉ પોતાના શિષ્યો જોડે વાર્તાલાપ કરી રહ્યા હતા ત્યારે તેમણે કહ્યું હતું : ''હું તમને સાચેસાચ કહું છું કે, જ્યાં સુધી ઘઉંનો દાણો જમીનમાં પડીને મરી જતો નથી ત્યાં સુધી એકલો જ રહે છે; પણ જો મરી જાય છે તો મબલક પાક પેદા થાય છે, જે પોતાના જીવનને વહાલું કરે છે તે તેને ખોઈ બેસે છે અને જે પોતાના જીવનને આ દુનિયામાં અળખામણું કરે છે તે શાશ્વત જીવન માટે તેને સલામત રાખે છે'' (યોહાન ૧૨ : ૨૪-૨૫).

ઘઉંનો દાણો એ ઈસુ જાણો. ઈસુ દુઃખો અને મૃત્યુમાં ધરબાઈ ગયા પણ એમાંથી જ નવું જીવન પાંગર્યું. તેમણે પોતાનું જીવન પોતાના પિતાને ધરી દીધું. પિતાએ એ સ્વીકારી લીધું ને ઈસુને એક નવું જીવન પાછું આપ્યું : એવું એક નવું જીવન પાછું આપ્યું જે જીવનમાં ઈસુ આપણને સૌને સહભાગી બનાવી શકે.

જે માણસ પોતાના અહ્‌મને ભંડારી દે છે, જે માણસ પોતાની જાતને મિટાવી દે છે તેને ઈસુ પોતાનું આ નવું જીવન આપે છે. ઘઉંનો જે દાણો જમીનમાં વવાયો તે જ પાછો ઊગી શક્યો. જે માણસ ઈસુ જોડે પોતાની જાતને બીજાઓ ખાતર ફના કરી શક્યો તે જ માણસ ઈસુના શ્વાસે ને પ્રાણે ધબકતો થયો.

આપણા સૌના જીવનમાં દુઃખો છે ને કષ્ટો છે; ને દરેકે એક દિવસ મૃત્યુને વહાલું કરવાનું છે. એમાંથી કોઈનો છુટકારો નથી. પણ જો હું મારાં દુઃખો ને મારું મૃત્યુ ઈસુ સાથે ને ઈસુ મારફતે પરમપિતાના ચરણે ધરી દઉં તો હું ખરેખર બદલાઈ જાઉં; ને બદલાયો તે પણ કેવો તેની પૂરી ખબર તો મને મારા મૃત્યુ પછી જ પડે.

હું ઈસુની સાથે મારી જાત જોડી દઉં તો ઈસુમાં વહેતું જીવન મારી જાતમાં પણ વહેવા લાગે.

આ નવું જીવન સ્નાનસંસ્કાર મારફતે મળે. માણસ સ્નાનસંસ્કાર લઈને ઈસુને પોતાના ગુરુ કહે છે ને ભગવાન માને છે ને ઈસુના ઉપદેશ અનુસાર પોતાનું આખું જીવન ગાળે છે. (સ્નાનસંસ્કારની સમજૂતિ નવમા પ્રકરણમાં આવશે.)

હવે હું અહીં જરા અટકું ને સચ્ચાઈથી મારી જાતને પૂછું : ઈસુના મૃત્યુ તથા તેમના નવા જીવનમાં મારા માટે કોઈ સંદેશો છે? ઈસુનાં બલિદાન તથા મૃત્યુ તેમ જ પુનરુત્થાનમાં મારે માટે એવું કશુંક છે ખરું, જેની મને ખરેખરી જરૂર છે?

**પ્રાર્થના**

હે પ્રભુ, મેં હમણાં જે કંઈ વાંચ્યું તે ઊંડા વિચારમાં નાખી દે તેવું છે.

કોઈ માણસને ગળે એ સહેલાઈથી ના ઊતરે.

એ મને હચમચાવી નાખે છે.

મને પણ મારાં દુઃખો છે. ને એક દિવસ હુંય મૃત્યુમાં પોઢીશ.

શું ખરેખર તમારા પુત્ર ઈસુ મને નવું જીવન આપશે?

મારા સ્વાર્થને નિર્મૂળ કરી શું આ જીવન મારામાં વહેતું થશે?

હે પ્રભુ, હું જાતે તો કશું જોવા સમર્થ નથી.

મને તમારો પ્રકાશ આપો, પ્રભુ.

# પ્રકરણ - ૮
## જીવનદાતા ઈસુ

ભૂખ્યાંને ભોજનમાં લાવોઃ
તરસ્યાંને દ્રાક્ષારસ પાઓઃ
પાથજો હૈયાં થાક્યાંને -
લાવો, ખોવાયાં સૌને -
ના ખોવાયાં ના તરસ્યાં છેઃ
ખોવાયાં ભૂખ્યાં-તરસ્યાં છેઃ
સાથ તજી એવામાં જાઓ -
ખોવાયાં લાવો!

- કલાપી

ઈસુ આશરે બે હજાર વર્ષ પહેલાં થઈ ગયા. ઈસુના જન્મ પહેલાં સદીઓ પૂર્વે ઈશ્વરે અબ્રાહામને એક નવી પ્રજાના આદ્યપિતા થવા હાકલ કરી હતી. એક પછી એક એમ સદીઓ વીતી ગઈ. ઈશ્વર પોતાની પસંદ કરેલી આ પ્રજાને પોતાના પુત્ર ઈસુના અવતાર સારુ ને ઈસુના મુક્તિકાર્ય સારુ ધીરજથી તૈયાર કરતો ગયો.

ઈસુ આ પૃથ્વી પર તેત્રીસ વર્ષ જેટલું જીવ્યા હતા એમ મનાય છે. પોતાની જિન્દગીનાં છેલ્લાં ત્રણ વર્ષો ઈસુએ પોતાના અંતેવાસી ચેલાઓને ઉપદેશ ને તાલીમ આપવા પછવાડે ગાળ્યાં. એ પછી ક્રૂસ પર ચડીને ઈસુએ માનવજાતને પાપની ગુલામીમાંથી મુક્ત કરવાનું પોતાનું કામ પૂરું કર્યું. માનવજાતિની મુક્તિ કાજે ઈસુએ અતિ ભારે કિંમત ચૂકવી. ક્રૂસનું કરપીણ મૃત્યુ એમણે વહોરી લીધું. ને મુક્તિની ચૂકવણી રૂપે પોતાના લોહીનું છેલ્લું ટીપું સુધ્ધાં નિચોવી નાખ્યું.

પરમપિતાએ ઈસુના આ બલિનો સ્વીકાર કર્યો. પોતે પોતાના પુત્રની આહુતિનો ખરેખર સ્વીકાર કર્યો છે એ પરમપિતાએ ઈસુને મૃત્યુમાંથી પાછા જીવતા કરીને સૌને બતાવી આપ્યું. ઈસુને પરમપિતાએ નવું જીવન આપ્યું; ને પોતાને મળેલું એ નવું જીવન પોતામાં શ્રદ્ધા રાખનારને આપવાનું ઈસુનું વચન છે.

### વેલો ને ડાળીઓ

એક વખત પોતાના ચેલોઓને ઈસુએ આ અજાયબ વચન આપ્યું હતું:

"હું સાચો દ્રાક્ષનો વેલો છું, અને મારા પિતા માળી છે. ફળ ન આપનારી મારી એકેએક ડાળી તે કાપી નાખે છે. અને ફળ આપનારી એકેએક ડાળીને તે છાટે છે, જેથી તેને વધારે ફળ આવે. મેં તમને જે ઉપદેશ આપ્યો છે તેનાથી તમારી છટણી થઈ જ ગયેલી છે. તમે મારામાં વસો અને હું તમારામાં. કોઈ ડાળી વેલાથી અલગ થઈને પોતે ફળ આપી શકતી નથી, તેમ તમે પણ મારામાં ન વસો તો કશું કરી શકો એમ નથી.

"હું વેલો છું અને તમે ડાળીઓ છો. જે મારામાં વસે છે અને, જેનામાં હું વસું છું તે જ પુષ્કળ ફળ આપી શકે છે; કારણ મારા વગર તમે કશું કરી શકો એમ નથી. મારામાં જે વસતો નથી તે ડાળીની જેમ ફેંકાઈ ગયો અને સુકાઈ ગયો જાણવો; લોકો એવી ડાળીઓ ભેગી કરીને ચૂલામાં બાળી મૂકે છે.

"તમે જો મારામાં વસો અને મારાં વચનો જો તમારા અંતરમાં વસે, તો તમે દિલ ચાહો તે માગશો તોય તે મળી રહેશે. તમે પુષ્કળ ફળો આપો અને એ રીતે મારા શિષ્ય પુરવાર થાઓ એમાં મારા પિતાનો મહિમા છે.

"પિતાએ જેમ મારા ઉપર પ્રેમ રાખ્યો છે તેમ મેં તમારા ઉપર પ્રેમ રાખ્યો છે. મારા પ્રેમની છાયામાં તમારો વાસ રહો. મેં જેમ મારા પિતાની આજ્ઞાઓ પાળી છે અને તેમના પ્રેમની છાયામાં હું વસું છું, તેમ મારી આજ્ઞાઓ જો તમે પાળશો તો મારા પ્રેમની છાયામાં તમારો વાસ રહેશે" (યોહાન ૧૫ : ૧-૧૦).

આમ તો ઈસુના આ શબ્દો ઝણઝણાવી મૂકે એવા લાગે છે. પણ એ શબ્દો તો એમણે બે હજાર વર્ષો પહેલાં પોતાના શિષ્યવૃંદ આગળ ઉચ્ચાર્યા હતા. જો એ શબ્દો ઈસુએ શિષ્યવૃંદને જ લાગુ પડે એ માટે ઉચ્ચાર્યા હોય તો આજના માણસને એ શબ્દો સાથે શી નિસ્બત? ખરેખર તો આજે ખુદ મારા માટે ઈસુના આ શબ્દોનો કોઈ અર્થ છે? શું હું આજે આ જીવન પ્રાપ્ત કરી શકું? મારા જીવનમાં આ વરદાનો સાચાં પડતાં અનુભવી શકું?

ઈસુને મળનારા દરેક માણસને આ પ્રશ્નોનો જવાબ મળવો જોઈએ. ઈસુએ આ વરદાનો કેવળ પોતાના ચેલાઓને જ નહોતાં આપ્યાં. ઈસુએ આ વરદાનો પોતાને પગલે ચાલનાર પોતાના દરેક અનુયાયીને આપ્યાં છે. ઈસુના શબ્દો પરથી આપણને માલૂમ પડે છે કે ઈસુએ આ જગતમાં મનુષ્યજાતિને કેવળ પોતાની અમૃતવાણી સંભળાવી નથી, બલ્કે સાક્ષાત્ અમૃત આપ્યું છે. ઈસુ સૌને પોતાનું જીવન આપે છે. જો ઈસુ સૌને આ આબેહયાત આપતા હોય તો આજે પણ ઈસુ આપણી વચ્ચે હયાત હોવા જોઈએ. જો આમ જ હોય તો કેવળ શુભસંદેશની અમૃતવાણીમાં જ મને ઈસુનો ભેટો નથી થતો બલ્કે ઈસુ મને હાજરાહજૂર મળે છે. હા, આજે પણ જીવતા ઈસુનો મેળાપ મારે માટે શક્ય છે.

**ઈશ્વરની પ્રજા**

માણસ એકલો જીવતો નથી, તે કુટુંબમાં જીવે છે. કુટુંબો પણ એકલાં જીવતાં નથી, તેઓ સમાજમાં કે પોતાની જાતિમાં જીવે છે. ઈશ્વરે માનવજાતિ જોડે આ જ રીતે કામ પાર પાડ્યું. ઈશ્વરે પોતાની મુક્તિ યોજના સારું માનવસમૂહના માધ્યમનો કેવો ઉપયોગ કર્યો તે વિશે આપણે અગાઉ થોડું જોયું છે. ઈશ્વરે પોતાની મુક્તિ યોજના પાર પાડવા સારુ એક પ્રજાને તૈયાર કરી. એ જાતિમાં ઈશ્વરનો પુત્ર પેદા થાય ને એમ એ જાતિ મારફતે જગતની તમામ પ્રજાઓ ઈશ્વરની પ્રજા બની રહે એવું ઈશ્વરે નિર્માણ કર્યું.

સર્વ પ્રજાઓને પોતાના વિશાળ પરિવારમાં ફેરવી નાખવાની ઈશ્વરે કરેલી આ રચના અદ્ભૂત છે. જગતની દરેકેદરેક પ્રજા ઈશ્વરની પ્રજા બને ને સાથોસાથ પોતાની સંસ્કૃતિને પણ અકબંધ રાખે. દરેક પ્રજા ઈસુનું નવું જીવન પામે ને ઈશ્વરની પ્રજા બને ને ઈશ્વરની પ્રજામાં ભળી ગયેલી પ્રજાઓ જગતની બાકીની પ્રજાઓને ઈશ્વરની પ્રજા બનાવવામાં ફાળો આપે.

ઈશ્વરની આ પ્રજા, પ્રજા છે ખરી પણ એની પાસે કોઈ સેના નથી, સત્તાની સાથે એને કશી નિસ્બત નથી. ઈશ્વરની પ્રજાનું તો કેવળ "વસુધૈવ કુટુંબકમ્" એ જ લક્ષ છે. સૌનો નાતો ભગવાન જોડે બંધાય, સૌને ભગવાન પ્રાપ્ત થાય, સૌ માણસો ઈશ્વરનાં સંતાનો બની જાય ને એકબીજાનાં ભાઈભાંડુ બનીને એક જ પરિવારમાં જીવતાં થાય.

ઈશ્વરની આ નવી પ્રજાનો શ્રીગણેશ થઈ ચૂક્યો છે. જે લોકો ઈસુએ મેળવી આપેલ ઈસુના નવા જીવનથી જીવતા થયા છે તેઓ ઈશ્વરની નવી પ્રજા બની ચૂક્યા છે.

**આપણી મધ્યે ઈસુ જીવે છે**

આમ, ઈસુનું કાર્ય ઈશ્વરની નવી પ્રજા રચવાનું છે. આ નવી પ્રજા નજરે ચઢે એવી ને ઝટ પરખાય એવી હોવી જોઈએ. આ પ્રજા એક ઉમદા પ્રજા હોવી જોઈએ, ઈસુના ગુણો એનામાં દેખાતા હોવા જોઈએ. એને જોતાંવેંત ખબર પડે કે આની રચના ઈશ્વરે કરી છે, કોઈ માણસે નહિ. આવી નિર્ણાયક બાબતમાં આમ હોય તો જ મને ભરોસો પડે. એ લોકોને હું આસાનીથી જઈને મળી શકું એવું હોવું જોઈએ. આમ હોય તો જ એમની વચ્ચે રહેલા ઈસુને હું સહેલાઈથી મળી શકું.

ને ઈસુએ આમ જ કર્યું છે. એમણે ધર્મસભારૂપી પ્રજાની રચના કરી અને પોતાના પટ્ટશિષ્ય પીતરને એનો વડો બનાવ્યો. શુભસંદેશકાર માથ્થી આપણને જણાવે છેઃ

"ઈસુએ પોતાના શિષ્યોને પૂછ્યું, 'માનવપુત્ર કોણ છે? એ વિશે લોકો શું કહે છે?' તેમણે જવાબ આપ્યો કે, 'કેટલાક કહે છે કે સ્નાનસંસ્કારક યોહાન, કેટલાક કહે છે કે એલિયા, તો વળી બીજા કહે છે કે ઈર્મિયા અથાવ કોઈ બીજા પયગંબર.' ત્યારે ઈસુએ પૂછ્યું, 'પણ તમે? તમે શું કહો છો? હું કોણ છું?'

"સિમોન પીતરે જવાબ આપ્યો, 'આપ તો ખ્રિસ્ત છો, ચેતનસ્વરૂપ ઈશ્વરના પુત્ર.'

"એટલે ઈસુએ કહ્યું, 'યુનાપુત્ર સિમોન, તું બડભાગી છે; કારણ કોઈ માણસે નહિ પણ મારા પરમપિતાએ તને આ સત્ય જણાવ્યું છે. અને હું પણ તને કહું છે કે તારું નામ પીતર, એટલે ખડક છે, અને એ ખડક ઉપર હું મારા ધર્મસંઘની ઈમારત ચણનાર છું; અને એની આગળ મૃત્યુનું પણ કંઈ ચાલશે નહિ. હું તને ઈશ્વરના રાજ્યની કુલ સત્તા સોંપીશ અને તું જેની જેની પૃથ્વી ઉપર બંધી કરીશ તેની ઈશ્વર તરફથી પણ બંધી કરવામાં આવશે, અને તું જેની જેની પૃથ્વી ઉપર છૂટ આપીશ તેની ઈશ્વર તરફથી પણ છૂટ આપવામાં આવશે." (માથ્થી ૧૬ : ૧૩-૧૯)

ઈસુ આ પૃથ્વી પરથી પોતાના પિતા પાસે પાછા સિધાવ્યા એ વેળાએ ફરી એક વાર તેમણે પોતાનું આ વચન તાજું કર્યું.

ઈસુએ સિમોન પીતરને કહ્યુંઃ 'ઓ યોહાનપુત્ર સિમોન, આ બીજાઓનાં કરતાં તું મારા ઉપર વધારે પ્રેમ રાખે છે?'

"તેણે જવાબ આપ્યો, 'જી હા પ્રભુ, આપ જાણો છો કે હું આપના ઉપર પ્રેમ રાખું છું.' ઈસુએ કહ્યું, 'તો મારાં ગાડરાંને ચરાવ.'

"બીજી વાર તેમણે તેને પૂછ્યું, 'યોહાનપુત્ર સિમોન, તું મારા ઉપર પ્રેમ રાખે છે?' '

"તેણે કહ્યું, 'હા જી, પ્રભુ. આપ જાણો છો કે હું આપના ઉપર પ્રેમ રાખું છું.'

“ઈસુએ કહ્યું, ‘તો મારાં ઘેટાંની સંભાળ રાખ.’

“ત્રીજી વાર તેમણે તેને પૂછ્યું, ‘યોહાનપુત્ર સિમોન, તું મારા ઉપર પ્રેમ રાખે છે?’

“તું મારા ઉપર પ્રેમ રાખે છે?’ એમ ત્રીજી વાર પૂછ્યું એથી સિમોનને ઓછું આવ્યું. તેણે કહ્યું, ‘પ્રભુ, આપ બધું જાણો છો. આપ જાણો છો કે હું આપના ઉપર પ્રેમ રાખું છું.’ ઈસુએ કહ્યું, ‘તો મારાં ઘેટાં ચરાવ’ (યોહાન ૨૧ : ૧૫-૧૭).

આ વેળાએથી પીતર ધર્મસભાના વડા બન્યા. પીતર પછી ધર્મસભામાં ઉત્તરાધિકારીઓની એક અતૂટ પરંપરા રચાઈ. હાલ વડાધર્મગુરુ પોપ ફ્રાન્સિસ ધર્મસભાના વડા છે. ૧૯૬૪માં સદ્‌ગત વડાધર્મગુરુ છઠ્ઠા પાઉલ ભારત પધાર્યા હતા. ૧૯૮૬માં વડાધર્મગુરુ બીજા યોહાન પાઉલ ભારતયાત્રાએ પધાર્યા હતા.

ઈસુ પીતર સમેત પોતાના સઘળા અંતેવાસી ચેલાઓને તેઓ પોતાનું કાર્ય આગળ ધપાવે તે સારુ તૈયાર કરતા રહ્યા. ઘણી વાર તેઓ નામુક્કર ગયા. અણીની વેળાએ ઈસુને છોડી દઈને તેઓ જીવ બચાવવા ભાગી પણ ગયા. પણ છેવટે તેઓ સ્થિર ને મક્કમ થયા. ઈસુએ પોતાના પિતા પાસે પાછા જતાં પહેલાં આખરે પોતાના કાર્યની સ્પષ્ટ શબ્દોમાં ભાળવણી કરીઃ

“મને આખી સૃષ્ટિ ઉપર સંપૂર્ણ સત્તા આપવામાં આવેલી છે. એટલે તમે જાઓ, અને બધી પ્રજાના લોકોને મારા શિષ્ય બનાવો અને તેમને પિતા, પુત્ર અને પવિત્ર આત્માને નામે સ્નાનસંસ્કાર કરાવો. તમને મેં જે જે આજ્ઞાઓ આપી છે તેનું પાલન કરવાનો ઉપદેશ આપો, અને ખાતરી રાખજો કે, હું યુગના અંત સુધી સદા તમારી સાથે છું” (માથ્થી ૨૮ : ૧૮-૨૦).

પોતાના પગલે ચાલનારા પોતાના દરેક અનુયાયીને ઈસુએ આ આદેશ આપ્યો છે. “મારા પિતાએ જેમ મને મોકલ્યો છે, તેમ હું તમને મોકલું છું.” ઈસુનો અનુયાયી પોતાને મળેલો આ અમૂલખ ખજાનો બીજાને વહેંચે નહિ ત્યાં સુધી તેને ચેન પડે નહિ.

### “હું તમારી સાથે છું”

ઈસુના ચેલાઓની નિષ્ફળતાઓ જોઈને કોઈ પણ જમાનાનો માણસ કેવો પાંગળો ને નબળો છે તેની આપણને ખબર છે. ને અહીં તો ઈસુએ ધર્મસભા પૂરેપૂરી માણસને જ હવાલે કરી! આનો વિચાર કરીએ ત્યારે આપણને ધર્મસભાના ભાવિ વિશે સહેજે ચિંતા થાય.

ઇતિહાસ કહે છે કે ઈસુના અનુયાયીઓ ઘણી બાબતોમાં કાચા ને પાછા પડ્યા છે. છતાં એ બલિહારી છે પોતાને શોધનાર નેકદિલ માણસને પોતે અવશ્ય મળશે એવું ઈસુનું વચન અચૂક ફળતું રહ્યું છે, પછી ભલેને ઈસુનો અનુયાયી પોતાનું કર્તવ્ય બજાવવાનું ચૂકી કેમ ના ગયો હોય. ઈસુએ કહ્યું છે : “જુઓ, જગતના અંત સુધી હું સદા તમારી સાથે છું.”

પોતાના જીવનનો ભોગ આપીને પોતે જેમને પાછા પોતાના પિતાના પુત્રો બનાવ્યા છે તે માણસો આખરે કેવા નબળા છે તે ઈસુ સારી પેઠે જાણતા હતા. તેથી પોતે પિતા પાસે પાછા ગયા તે ટાણે પોતાનો પાવન આત્મા મોકલી આપવાનું તેમણે વચન આપ્યું જે પોતાના લોકનાં અંતરમાં વાસો કરે, તેમને અજવાળતો રહે ને તેમનામાં બળ પૂરતો રહે.

પોતાના પિતા પાસે પાછા જવાની વેળા થઈ તે ટાણે ઈસુએ કહ્યું, ‘હું પિતાને વિનંતી કરીશ અને તે સતત તમારે પડખે રહેવા માટે બીજા બેલીને, એટલે કે સત્યસ્વરૂપ પવિત્ર આત્માને મોકલશે’ (યોહાન ૧૪ : ૧૬).

“ઈસુએ ફરી એકવાર કહ્યું : ‘આ બધું મેં તમને પહેલેથી નહોતું કહ્યું, કારણ કે હું તમારી સાથે હતો; પણ હવે હું મને મોકલનારની પાસે જઈ રહ્યો છું, છતાં તમારામાંથી કોઈ મને એમ પૂછતું નથી કે, તમે ક્યાં જાઓ છો?... છતાં હું તમને સાચું કહું છું કે, હું જાઉં એ તમારા હિતમાં છે, કારણ, મારા ગયા વગર એ બેલી તમારી પાસે કદી નહિ આવે. પણ હું જો જઈશ તો હું તેને તમારી પાસે મોકલીશ.

“હું તમને હજી ઘણું કહી શકું એમ છું, પણ હવે તમારાથી એ બોજો નહિ વેઠાય. પણ જ્યારે એ સત્યસ્વરૂપ આત્મા આવશે ત્યારે તે તમને સમગ્ર સત્યને માર્ગે દોરી જશે; કારણ, તે પોતા તરફથી નહિ બોલે, પણ પોતે જે સાંભળતો હશે તે તમને સંભળાવશે, અને આગામી વસ્તુઓની તે તમને જાણ કરશે. તે મારો મહિમા કરશે, કારણ, એ તમને જે કંઈ જણાવશે તે એને મારા તરફથી મળેલું હશે. જે જે પિતાનું છે તે મારું છે એટલે મેં કહ્યું કે, જે સત્ય મારું છે તેમાંથી તે તમને જણાવશે” (યોહાન ૧૬ : ૫-૭, ૧૨-૧૫).

એટલે ઈસુ પોતાના આ વચન અનુસાર ઈશ્વરની નવી પ્રજાને દોરવણી આપવા ને તેમનામાં બળ પૂરવા પોતાના પાવન આત્માને જગતમાં મોકલતા જ રહે છે.

આટલે સુધી કરેલી આ બધી વાતો અત્યંત મહત્ત્વની છે. ઈસુ આજે આપણી વચ્ચે જીવે છે એ સત્ય સમજવા માટે આ બાબતો પહેલાં જાણવી જરૂરી છે.ઈસુ પર શ્રદ્ધા રાખનાર વ્યક્તિ મરણ પામી ચૂકેલા ઈસુમાં શ્રદ્ધા રાખતી નથી, પણ ઈશ્વરની પ્રજા વચ્ચે રહીને પોતાને નવું જીવન આપી રહેલા ઈસુમાં એ શ્રદ્ધા રાખે છે.

“હું વેલો છું, અને તમે ડાળીઓ છો. જે મારામાં વસે છે અને જેનામાં હું વસું છું તે જ પુષ્કળ ફળ આપી શકે છે.”

હવે આ પ્રશ્ન ઉદ્‌ભવે છે : હું ઈસુને ક્યાં અને કેવી રીતે મળી શકું?

## આજે હું ઈસુને ક્યાં મળી શકું?

હવે આપણે ખ્રિસ્તી ધર્મના ખરા હાર્દ લગી આવી પહોંચ્યાં છીએ. ખ્રિસ્તીધર્મમાં પરમયજ્ઞ અથવા પરમ પૂજા શું છે તે જાણીશું. પરમયજ્ઞનો મહિમા એ છે કે એમાં ઈસુ હાજરાહજૂર પ્રગટ થાય છે.

ઈસુની ધરપકડ થઈ તે રાતે ઈસુએ પોતાના અંતેવાસી ચેલાઓ સાથે છેલ્લું ભોજન લીધું હતું. કેવાં કરપીણ દુ:ખો ને કેવું કરપીણ મૃત્યુ પોતાની રાહ જોઈ રહ્યાં છે એની ઈસુને ખબર હતી. એ વેળા ઈસુ પોતાની પાછળ ચાલ્યા આવતા પોતાના દરેકેદરેક અનુયાયીને, ખુદ આપણને સૌને, સદીઓ વળોટીને જોઈ રહ્યા હતા. આપણા પર એમને અસાધારણ પ્રેમ હતો. ઈસુ આપણને એકલા છોડીને ચાલ્યા જવા માગતા નહોતા. ઈસુ તો આપણી જોડે હંમેશ માટે રહેવા ઇચ્છતા હતા. હવે થોડો સમય બાકી છે; પછી પોતે પોતાના પિતાને પોતાના પ્રાણની આહુતિ આપવા ચાલી નીકળશે. આપણી મુક્તિ કાજે પોતાની જાતનો બલિ ઈસુ ચઢાવશે. પોતાના ચેલાઓ સાથે ભોજન કરી રહ્યા હતા તે દરમિયાન ઈસુએ 'રોટલી લીધી, આભારસ્તુતિ ઉચ્ચારી ને રોટલીના ટુકડા કરી શિષ્યોને આપતાં કહ્યું : "લો, તમે બધા આમાંથી ખાઓ, આ મારું શરીર છે. એ તમારી ખાતર અર્પણ થનાર છે. મારા સ્મારક તરીકે આ કરતા રહેજો."

"ભોજન પછી તેમણે પ્યાલો લીધો, ફરી તમારી આભાર સ્તુતિ ઉચ્ચારીને શિષ્યોને આપતાં કહ્યું : 'લો, તમે બધા આમાંથી પીઓ, આ મારા લોહીનો પ્યાલો છે, નવા અને શાશ્વત કરારનું આ મારું લોહી છે. એ તમારી અને સૌ માનવોની ખાતર પાપમુક્તિને અર્થે રેડાવાનું છે."

રોટી અને આસવ યહૂદીઓનાં રોજિંદા ખાનપાન હતાં. એની પર, "આ મારું શરીર છે. આ મારું છોહી છે." એવા શબ્દો બોલીને ઈસુએ રોટીને પોતાના શરીરમાં ને આસવને પોતાના લોહીમાં પલટાવી દીધાં. તે બહારથી તો રોટી ને આસવ જ લાગે, સ્વાદ પણ રોટીનો ને આસવનો જ રહે; છતાં એ ખરેખર પોતાનાં દેહરક્ત બને એવો અજબ પરચો ઈસુએ કર્યો. ઈસુએ પ્રથમ પોતાના પિતાને એ નૈવેદ્યરૂપે ધર્યાં ને પછી પ્રસાદરૂપે પોતાનાં સૌ ભક્તોને આપ્યાં. તે સામાન્ય પ્રસાદ નહોતો. એ ઈસુનાં સાક્ષાત્ દેહરક્ત હોવાથી પરમપ્રસાદ હતો. પછી પોતાના સ્મારકરૂપે એમ કરતા રહેવાનો ઈસુએ સૌને આદેશ આપ્યો. કૅથલિક ધર્મસભા નિત્ય આ પરમયજ્ઞ ચડાવતી રહે છે, એનો પરમપ્રસાદ લેતી રહે છે ને એમ ભગવાન ઈસુના આદેશનું પાલન કરતી રહે છે.

### પરમયજ્ઞ

માનવજાતિના ઇતિહાસમાં ડોકિયું કરો. બધા ધર્મોનું આચરણ તપાસો. સર્વ દેશકાળના લોકોમાં ભગવાનને ચરણે કંઈ ને કંઈ નૈવદ્યરૂપે ધરવાનો ચાલ મળી આવશે. એક નાનું બાળક ભગવાનને ફૂલ ધરે છે, કોઈ ફળ કે ઘી ચડાવે છે, તો કોઈ પંખી કે પશુનો ભોગ પણ ધરાવે છે. આવું નૈવેદ્ય કે આવો બલિ માણસ ભગવાનને ચરણે પોતે પોતાની જાતનું સમર્પણ કરે છે એ બતાવવા ધરે છે. ઈસુએ પણ આ જ રીત અખત્યાર કરી. ને જગતને એક યજ્ઞ આપ્યો ને એમાં પોતાની જાતનો જ બલિ રોટી ને આસવરૂપે સ્થાપ્યો માટે એ સઘળાં અધૂરા ને અપૂર્ણ યજ્ઞોને સ્થાને એક પરમયજ્ઞ કહેવાયો.

બલિ ને નૈવેદ્ય ચડાવીને ભગવાન પ્રત્યેનો શરણભાવ જેમ માણસ વ્યક્ત કરે છે, તેમ પોતાનો આભારભાવ પણ વ્યક્ત કરે છે. માણસ જેમ પોતા પર વરસાવેલા ઉપકારો બદલ ઈશ્વરનો આભાર માનવા બલિ ચડાવે છે તેમ પોતાનાં દુષ્કૃત્યો બદલ ક્ષમા યાચવા માણસ ઈશ્વરને નૈવેદ્ય અર્પે છે. વળી નૈવેદ્ય ચઢાવીને માણસ રોજિંદા કામમાં ઈશ્વરની દુઆ ચાહે છે, પોતાના પરિવારનું ભલું વાંછે છે, પોતાનો પુરુષાર્થ ફળે એવી આશિષ માગે છે. આને પૂજા કહો કે બલિદાન, આહુતિ કહો કે કુરબાની દેશદેશની પ્રજાઓમાં જમાને જમાને લોકો ભગવાનની ભક્તિ ને પૂજા કરતાં આવ્યાં છે.

આ સર્વમાં સર્વશ્રેષ્ઠ ને સંપૂર્ણ બલિ તે ઈસુએ ક્રૂસ પર પોતાનાં દેહરક્તનો ચઢાવેલો બલિ છે. ઈસુનો બલિ પરમબલિ છે. એ યજ્ઞમાં ઈસુ જ પુરોહિત છે ને ઈસુ જ બલિ છે. "ત્વમેવ હવ્યમ્ ચ હોતા ચ" (રઘુવંશ). ઈસુનો બલિ ફળફૂલ કે પશુપંખીનો બલિ નથી. ઈસુનો બલિ ખુદ ઈસુનાં દેહરક્તનો બલિ છે.

"આમ આપણી પાસે ઈશ્વરના પુત્ર ઈસુ જેવા મહાન વડાપુરોહિત છે, જે આકાશને વીંધીને ઠેઠ પહોંચ્યા છે. તો આપણે જે ધર્મશ્રદ્ધાને સ્વીકારી છે તેમાં અચળ રહીએ.આપણા વડાપુરોહિત એવા નથી કે, જે આપણી દુર્બળતાઓ પ્રત્યે સહાનુભૂતિ ન રાખી શકે, બલ્કે, એવા છે જેમને આપણા જેવી બધી જ કસોટીઓનો અનુભવ થયો હતો - સિવાય એક પાપનો. તો ચાલો, આપણે હિંમતપૂર્વક પરમકૃપાળુ પરમેશ્વરના સિંહાસન આગળ પહોંચી જઈએ. ત્યાં આપણને દયા પ્રાપ્ત થશે અને ખરે વખતે કૃપાની મદદ મળી રહેશે.

"દરેક વડા પુરોહિતને માણસોમાંથી પસંદ કરીને ઈશ્વર સંબંધી બાબતોમાં તેમના પ્રતિનિધિ તરીકે નીમવામાં આવે છે, જેથી તે પાપો માટે નૈવેદ્ય અને ભોગ ચડાવે. તે અજ્ઞાનીઓ અને ભૂલ કરનારાઓ પ્રત્યે સહાનુભૂતિપૂર્વક વર્તી શકે છે. કારણ, તેના પોતાનામાં

પણ નબળાઈઓ રહેલી હોય છે. આથી કરીને તે લોકોનાં પાપ માટે જ નહિ પણ પોતાનાં પાપ માટે પણ ભોગ ચડાવવાને બંધાયેલ છે. કોઈ માણસને પુરોહિતપદ પોતાની પસંદગીથી મળતું નથી, પણ ઈશ્વરના બોલાવવાથી તે પુરોહિત થાય છે. જેમ હારૂન થયો હતો એ જ રીતે ઈસુએ પણ મુખ્ય પુરોહિતપદનું માન પોતાની જાતે લીધું નહોતું, પણ ઈશ્વરે તેમને એ માન આપ્યું હતું. તેમને કહ્યું હતું કે, "તું મારો પુત્ર છે. આજે મેં તને જન્મ આપ્યો છે."

"પોતાના દુન્યવી જીવન દરમિયાન ઈસુએ પોતાને મોતથી ઉગારી શકનાર ઈશ્વરની આગળ આર્તનાદ અને આંસુઓ સાથે પ્રાર્થના અને વિનવણી કરી હતી અને તેમની નમ્રતાભરી ભક્તિને કારણે તેમની પ્રાર્થના સાંભળવામાં આવી હતી. પુત્ર હોવા છતાં, પોતાનાં વીતકોમાંથી તે આજ્ઞાપાલનનો પાઠ શીખ્યા હતા. અને એ રીતે પૂર્ણત્વ પ્રાપ્ત કરી પોતાની આજ્ઞા ઉઠાવનાર સૌને માટે શાશ્વત મુક્તિનું કારણ થઈ પડ્યા હતા" (હિબ્રૂ ૪ : ૧૪-૧૬; ૫ : ૯).

**જીવનદાયી રોટી**

ઈસુની કરણીમાં કશી મણા નથી. પોતાનો સમર્થ ને પ્રતાપી બલિ પેઢી દર પેઢી ચઢાવાતો રહે એવો અજબ કીમિયો તેમણે ખોળી કાઢ્યો. એને લીધે આજ લગી આપણે સૌ એ બલિ ચઢાવતા આવ્યા છીએ. યાવતચંદ્ર દિવાકરૌ એ બલિ ચઢાવાતો રહેશે.

પોતાના મરણ અગાઉ અમુક સમય પહેલાં ઈસુએ પોતાના શિષ્યો આગળ કંઈક વિચિત્ર બોલ કાઢ્યા હતા. એ બોલ અમુક શિષ્યોને એવા તો મોંમાથા વગરના લાગ્યા હતા કે તેઓ ઈસુને છોડીને જતા રહ્યા હતા. ઈસુ બોલ્યા હતા : "મારા પિતા તમને સ્વર્ગમાંથી અસલ રોટી આપે છે. કારણ, ઈશ્વરની રોટી તો એ છે, જે સ્વર્ગમાંથી ઊતરી આવીને જગતને જીવન અર્પે છે.' ત્યારે એ લોકોએ ઈસુને કહ્યું, 'પ્રભુ, આપ અમને એ રોટી સદાસર્વદા આપતા રહો." ઈસુએ તેમને કહ્યું, "હું જ જીવનદાયી રોટી છું. જે કોઈ મારી પાસે આવશે તે કદી ભૂખ્યો નહિ થાય, અને જે કોઈ મારા ઉપર શ્રદ્ધા રાખશે તે કદી તરસ્યો નહિ થાય." (યોહાન ૬ : ૩૨-૩૭)

"સ્વર્ગમાંથી ઊતરી આવેલી રોટી હું છું.' એમ ઈસુએ કહ્યું, એથી યહૂદીઓ તેમની વિરુદ્ધ બબડાટ કરવા લાગ્યા. 'આ યોસેફનો દીકરો ઈસુ નથી? એનાં માબાપને આપણે ઓળખતા નથી? તો અત્યારે હવે એ એમ કેમ કહે છે કે, 'હું સ્વર્ગમાંથી ઊતરી આવ્યો છું?' ઈસુએ તેમને જવાબ આપ્યો, 'માંહોમાંહે બબડાટ ન કરો. મને મોકલનાર પિતાના આણ્યા સિવાય કોઈ મારી પાસે આવી શકતો નથી; અને હું તેને છેલ્લે દિવસે સજીવન કરીશ. પયગંબરોના ગ્રંથમાં લખ્યું છે કે 'સૌ કોઈ ઈશ્વરના શિષ્યો થશે.' જે કોઈ ઈશ્વરના શિષ્ય બની તેની પાસે શીખ્યા છે તેઓ મારી પાસે આવે છે. એનો અર્થ એવો નથી કે, પિતાને કોઈએ જોયો છે. સિવાય કે જે ઈશ્વર તરફથી આવેલો છે એણે પિતાને જોયેલો છે. હું તમને સાચેસાચ કહું છું કે જે કોઈ શ્રદ્ધા રાખે છે તે શાશ્વત જીવન પામે છે.

"હું જીવનદાયી રોટી છું તમારા વડવાઓએ રણમાં માન્ના ખાધું હતું છતાં તેઓ મરણ પામ્યા. સ્વર્ગમાંથી ઊતરી આવેલી રોટી તો આ છે; એને ખાનાર કદી મરે નહિ. હું સ્વર્ગમાંથી ઊતરી આવેલી જીવંત રોટી છું. જે કોઈ એ રોટી ખાશે તે અનંતકાળ જીવશે. અને હું જે રોટી આપવાનો છું તે તો જગતના જીવન માટે અર્પણ થનારું મારું માંસ છે.'

"આ ઉપરથી યહૂદીઓમાં ભારે ચર્ચા જાગી કે, આ માણસ આપણને પોતાનું માંસ શી રીતે ખાવા આપી શકે છે? ઈસુએ તેમને જવાબ આપ્યો, 'હું તમને સાચેસાચ કહું છું કે, જ્યાં સુધી માનવપુત્રનું માંસ ખાધું નથી અને તેનું લોહી પીધું નથી, ત્યાં સુધી તમારામાં જીવન જ નથી, જે કોઈ મારું માંસ ખાય છે અને મારું લોહી પીએ છે, તે શાશ્વત જીવન પામ્યો છે, અને તેને હું છેલ્લે દિવસે સજીવન કરીશ. કારણ, મારું માંસ એ સાચે જ ખોરાક છે, અને મારું લોહી એ સાચે જ પીણું છે. જે કોઈ મારું માંસ ખાય છે અને મારું લોહી પીએ છે તે મારામાં વસે છે, અને હું તેનામાં વસું છું. હું જેમ મને મોકલનાર જીવનદાતા પિતાના જીવનથી જીવું છું તેમ મને ખાનાર મારા જીવનથી જીવશે. સ્વર્ગમાંથી ઊતરી આવેલી રોટી તો આ છે. આ માન્ના જેવી નથી, જે તમારા વડવાઓએ ખાધું હતું. તેઓ તો મરી ગયા. પણ જે કોઈ આ રોટી ખાશે તે તો અનંતકાળ જીવશે" (યોહાન ૬ : ૪૧-૫૮).

પોતે જીવનદાયી રોટી બનશે એવું ઈસુનું વચન હતું અને એ વચન છેલ્લા ભોજન વખતે પૂરું કર્યું. "જે કોઈ મારો દેહ ખાય છે અને મારું લોહી પીએ છે તે શાશ્વત જીવન પામ્યો છે, અને તેને હું છેલ્લે દિવસે સજીવન કરીશ." એવા ઈસુના બોલ છેલ્લા ભોજન વખતે ઈસુએ જ્યારે રોટી તથા આસવને પોતાનાં દેહરક્તમાં પલટાવ્યાં ને પોતાના સૌ ભક્તોને ખાવા-પીવા માટે આપ્યાં ત્યારે સૌને સહેલાઈથી સમજાય એવા લાગ્યા. છતાં રોટી અને આસવ ઈસુનાં દેહ-રક્ત કેવી રીતે બન્યાં એ બાબત દિવ્ય ને અલૌકિક છે, માટે ગૂઢ ને રહસ્યમય રહેશે. માનવબુદ્ધિ પોતે એનો કદી તાગ પામી શકશે નહિ. ઈશ્વરની ખાસ સહાય માનવને મળે તો જ માનવ એ કંઈક સમજવા પામશે.

આપણે પિતા ભણી યાત્રા આરંભી છે, ને આપણી એ યાત્રામાં ઈસુ આપણું ભાથું બન્યા છે. તેઓ પોતાનાં દેહ-રક્ત વડે આપણા આત્માને પોષણ પૂરું પાડતા રહે છે ને રોજ રોજ આપણામાં બળ ને હિંમત સીંચતા રહે છે.

ઈશ્વરની વરેલી પ્રજા એક આબાદ પ્રજા છે. ને ઈશ્વરના એના પર ચાર હાથ છે. ઈશ્વરે એ પ્રજાને પોતાની કરી છે ને એની વચ્ચે પોતાના એકના એક પુત્ર ઈસુને મોકલ્યો છે. ઈશ્વરપુત્ર ઈસુએ પોતાના લોહીની ચૂકવણી કરીને એ પ્રજાને પાપના ઋણમાંથી મુક્ત કરી છે.

ઈસુમાં આપણને પિતા પાસે જવાનો માર્ગ મળે છે. ખ્રિસ્તી ધર્મ એ ઈશ્વર પિતા પાસે પહોંચવાનો માર્ગ છે. ખુદ ઈસુએ પોતે કહ્યું છેઃ "હું જ માર્ગ છું, હું જ સત્ય છું ને હું જ જીવન છું."

ઈસુમાં આપણને પિતા પરમેશ્વરના આપણા પરના પ્રેમની ઝાંખી થાય છે. પિતા પરમેશ્વર આપણને પોતાનાં જ ગણે છે, એની ઈસુ પરથી આપણને ખબર પડે છે : "ઈશ્વરને જગત પર એટલો તો પ્રેમ હતો કે તેણે પોતાનો એકનો એક પુત્ર આપી દીધો, જેથી જે કોઈ એનામાં શ્રદ્ધા રાખે તે નાશ ન પામે પણ શાશ્વત જીવન પ્રાપ્ત કરે." (યોહાન ૩ : ૧૬).

**ઈશ્વરની કૃપા**

ઈશ્વરની પ્રજા આટલી બધી ભાગ્યવાન છે, એનું કારણ કેવળ ઈશ્વરની કૃપા છે. ઈશ્વરે એનું અપાર ભલું કર્યું છે ને એનું હરહંમેશાં ભલું કરતો રહે છે. આ જોયા પછી કયો માણસ ઈશ્વરનાં ચરણોમાં ઝૂકી ના પડે? કોણ ઈશ્વરનાં ગુણગાન ગાયા વિના રહી શકે? ઈશ્વરના અપાર ને નિર્વ્યાજ પ્રેમ બદલ રોજરોજ માણસ ઈશ્વરની આભારસ્તુતિ કર્યા કરે. ઈશ્વરના વરેલા લોકો રોજરોજ પરમયજ્ઞ ચડાવીને ઈશ્વરની આભારસ્તુતિ કરે છે. હકીકતમાં પરમયજ્ઞ કે પરમ ભોજનનું ખરું અને મૂળ નામ તો છે આભારસ્તુતિ.

આવી આભારસ્તુતિ કરવી તે ખ્રિસ્તી માણસના જીવનનું પ્રથમ કર્તવ્ય છે. આ આભારસ્તુતિ જ એનો જીવનધર્મ છે. પણ આ આભારસ્તુતિ ખ્રિસ્તી માણસ બીજા બધાથી અળગો રહીને, એકલપંડે, કેવળ હું ને મારો ભગવાન એવા ભાવે કરી શકે નહિ. પરમયજ્ઞરૂપી આભારસ્તુતિ તો સંઘઉપાસના છે, પરમભોજન સમૂહભોજન છે. એમાં સૌ ભક્તો ઈસુની સાથે ને ઈસુને હાથે પોતાના જીવનની અંજલિ પિતાને ચરણે ધરે છે, ને પિતા એ અંજલિથી પ્રસન્ન થઈને પોતાના પુત્રનાં દેહરક્તનો પ્રસાદ રોટી ને આસવરૂપે આપે છે. પરમયજ્ઞમાં આપણે સંત પાઉલની પેઠે સાચે જ એમ બોલી શકીએ કે, "હવે મારામાં હું નથી જીવતો, બલ્કે ખ્રિસ્ત જીવે છે." (ગલાતિયા ૨ : ૨૦)

ઈસુ મરેલા નથી. ઈસુ તો પોતાની ધર્મસભામાં જીવતા છે. પોતાની ધર્મસભામાં ઈસુ હયાત છે ને પોતાની પાસે આવનાર સૌને જીવન આપી રહ્યા છે. ધર્મસભામાં રહ્યા રહ્યા ઈસુ પરમપિતાને ચરણે પરમયજ્ઞ મારફતે પોતાની જાતનો તથા ઈશ્વરની સમગ્ર પ્રજાનો અખંડ બલિ ચડાવી રહ્યા છે. ને પરમપિતા અસીમ પ્રેમ બદલ અહર્નિશ આભારસ્તુતિ કરી રહ્યા છે.

આપણે અહીં અટકીએ. ઈસુ વિશે ને ધર્મસભા વિશે, ઈશ્વરની વરેલી પ્રજા વિશે મનમાં વિચાર કરીએ. શું ઈશ્વરની વરેલી પ્રજા બાબતે, મારા પોતા વિશે મારે કશું વિચારવાનું છે? મારે એની જોડે નૈવેદ્ય ચડાવવાની જરૂર છે? મારે શા માટે બદલ ઈશ્વરનો આભાર માનવાનો છે? મારી જીવનયાત્રામાં મારે જીવનદાયી રોટીની જરૂર છે? આનો વિચાર કરીએ.

**પ્રાર્થના**

હે પ્રભુ, ગળે ઉતારવા મુશ્કેલ લાગે એવા છે આ બધા હકદાવા.
ઈસુ ધર્મસભામાં જીવે છે એ શું શક્ય છે?
તમે તમારાં પોતાનાં પ્રજાજનો પસંદ કર્યાં છે,
એ શું શક્ય છે?
પણ મારે તમારો ઘણો ઘણો આભાર માનવાનો રહે છે,
એટલું તો નક્કી છે.
પ્રભુ, હું યાચું છુંઃ
હું પરમયજ્ઞમાં ઈસુ સાથે તમારો આભાર માની શકું?
પોતાનાં દેહરક્ત આપીને તમારા પુત્ર મને
એક નવું જીવન આપી શકશે?
હે પ્રભુ, આવા આવા પ્રશ્નો મારા અંતરતલમાં જાગે છે ને
મારી પાસે જવાબ માગે છે.
મને જોવા માટે સ્પષ્ટ દૃષ્ટિ આપો, પ્રભુ.

આવો, ઈસુને મળો શ્રેણીની પાંચ પુસ્તિકાઓ પૈકી આ ચોથી પુસ્તિકા તમારા હાથમાં છે. આ શ્રેણીની પ્રત્યેક પુસ્તિકામાં ઈસુ ખ્રિસ્ત અને તેમના ઉપદેશ વિશે પ્રમાણભૂત માહિતી આપવામાં આવી છે.

પ્રાપ્તિસ્થાન : કૅથલિક ઈન્ફરમેશન સર્વિસ સોસાયટી
અમિબેલા બિલ્ડીંગ
સન્માન હોટલની બાજુમાં
ઈન્કમટેક્ષ અન્ડરબ્રિજ ઉપર
અમદાવાદ ૩૮૦ ૦૧૪

## પ્રશ્નપત્ર - ૪

## ('આવો, ઈસુને મળો'
## પ્રકરણ - ૭ પ્રેમાવતાર
## અને
## પ્રકરણ - ૮ જીવનદાતા ઈસુ)

**નોંધઃ** આ પ્રશ્નો તમારી ધાર્મિક માન્યતાઓની કસોટી કરવા માટે નથી. તમારા ઉત્તરોથી એ સ્પષ્ટ થશે કે તમે આ મૂળ પાઠોના અર્થ બરાબર સમજ્યા છો કે નહીં. જવાબ માટે પ્રશ્ન સાથે છાપેલી ચોરસમાં 'હા' અથવા 'ના' લખો. જ્યાં તેમ ન હોય ત્યાં ખાલી જગ્યા પૂરો. ઉત્તરો આપતી વેળાએ પુસ્તિકાની મદદ જરૂર લો.

'આવો, ઈસુને મળો' આ પાંચેય પુસ્તિકાઓમાં આ ચોથો પ્રશ્નપત્ર છે. જો તમે બધા પ્રશ્નપત્રોના સંતોષકારક ઉત્તરો આપશો તો તમને પુરસ્કારરૂપે શુભસંદેશની એક નકલ ભેટ આપવામાં આવશે. તમે અમારો આગામી આગળનો અભ્યાસક્રમ પણ આગળ ધપાવી શકશો.

### પ્રકરણ - ૮

૧) આદમના આજ્ઞાભંગને કારણે જગતમાં પાપ અને અનિષ્ટનો પ્રવેશ થયો. ઈસુએ ઈશ્વરની ઇચ્છાને પૂરેપૂરા આધીન થઈને જગતમાંથી પાપ અને અનિષ્ટના શાપને દૂર કર્યો.

૨) ઈસુના બલિદાન અને મૃત્યુની કહાણી એક કારમી કહાણી છે. એ મારી આગળ એક મહાન સત્ય ખુલ્લું કરે છે. ઈશ્વર મારા પર ............................................................................................................ઝંખે છે.
(પુસ્તિકામાંથી આખું વાક્ય પૂરું કરો.)

૩) પિલાતે ઈસુને મૃત્યુદંડની સજા કરી :
(અ) કારણ કે, ઈસુના દુશ્મને ટોળાને ઝનૂની બનાવી દીધું હતું. તેથી તે ડરી ગયો હતો.
(બ) કારણ, ઈસુએ રોમન સરકાર સામે બળવો પોકાર્યો હતો.

૪) (અ) ઈસુએ અનિચ્છાથી મોત સ્વીકાર્યું હતું. કારણ યહૂદીઓ એમના રોમન સરકારની સામે તેઓ લાચાર હતા.
(બ) ઈસુએ સ્વેચ્છાથી અને જાણી બૂઝીને પોતાના પિતાની માનવમુક્તિની યોજનાના એક ભાગરૂપે મૃત્યુ સ્વીકાર્યું હતું.

૫) સંત પાઉલે ઈસુના પુનરુત્થાનને ઈસુપંથી ધર્મશ્રદ્ધાના પાયા તરીકે વર્ણવ્યું છે. સંત પાઉલના આ શબ્દો લખો.

________________________________________

________________________________________

### પ્રકરણ - ૮

૧) નીચેનાં વાક્યો પૂરાં કરો.
(અ) ઈસુ અને તેમના અનુયાયીઓ વચ્ચેની એકરૂપતા એ જ .........................દૃષ્ટાંતકથામાં સુંદર રીતે નિરૂપાય છે.
(બ) જે લોકો ઈસુએ મેળવી આપેલા ઈસુના નવા જીવનથી જીવતા થયા છે તેઓ......................................

૨)	ઈસુએ પીતરને "તું પીતર છે ને આ ખડક ઉપર હું મારી ધર્મસભા ચણીશ," આવા શબ્દો બોલીને પીતરને ધર્મસભાનો આગેવાન બનાવ્યો.